*Shree Kundkund-Kahan Parmarthik Trust*

302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૦૨

## ‘ અરિહંતોનો વિરહ નથી ’

**અત્યારે આ ભરતક્ષેત્રમાં અરિહંતદેવનો વિરહ છે ?**

**ના, અમને અરિહંતનો વિરહ નથી. કેમકે અરિહંતનું સ્વરૂપ અત્યારે પણ અમારા જ્ઞાનમાં વર્તે છે, અને મોહને ક્ષય કરનારો અરિહંતદેવનો ઉપદેશ અત્યારે પણ અમને પ્રાપ્ત છે. તે ઉપદેશ ઝીલીને અમે મોહક્ષયના માર્ગમાં વર્તી રહ્યા છીએ; અરિહંતદેવનો માર્ગ પામીને તે માર્ગે અમે જઈ રહ્યા છીએ, માટે અમને અરિહંતદેવનો વિરહ નથી.**


**જેના જ્ઞાનમાં અરિહંત નથી, અરિહંતનું સ્વરૂપ જેણે જાણ્યું નથી, અરિહંતનો માર્ગ જેણે ઓળખ્યો નથી તેને જ અરિહંતનો વિરહ છે. કદાચ અરિહંતદેવની સભામાં તે બેઠો હોય તોપણ ભાવથી તેને અરિહંતનો વિરહ છે. ને જ્ઞાનીને કદાચ ક્ષેત્રથી અંતર હોય તોપણ ભાવથી અંતર નથી, માટે તેને વિરહ નથી; અરિહંતદેવ તેના હૃદયમાં જ બેઠા છે.**

( આ સંબંધી ગુરુદેવના વિશેષ પ્રવચનો માટે જુઓ અંદર )

તંત્રીઃ **જગજીવન બાવચંદ દોશી** * સંપાદકઃ **બ્ર. હરિલાલ જૈન**

વીર સં. ૨૪૯૫, માગશર ( લવાજમઃ ચાર રૂપિયા ) વર્ષ ૨૬ઃ અંક ૨

**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)**




કેવું મજાનું ભાવવાહી છે આ ચિત્ર! તમને ગમ્યું ને? ચારગતિનાં દુઃખોથી છૂટીને મોક્ષસુખની પ્રાપ્તિનો માર્ગ બતાવનારું 'વીતરાગવિજ્ઞાન' તો સૌને ગમે જ. માત્ર આ ચિત્ર જ નહિ, પરંતુ તેને લગતું આખું પુસ્તક છપાઈ રહ્યું છે....થોડા વખતમાં પૂરું થશે ને તમને ભેટ મળશે.-પણ ત્યાર પહેલાં તમારે આત્મધર્મના ગ્રાહક થઈ જવું જરૂરી છે.

લવાજમ ચાર રૂપિયાઃ આત્મધર્મ કાર્યાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર)

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૫
માગશર

# 卐 સાચું णमो अरिहन्ताणं 卐

ક્યો જૈન એવો હશે કે જે णमो अरिहंताणं નહિ જાણતો હોય? પણ એ णमो अरिहंताणंમાં તો મોહને જીતવાનો મંત્ર ભર્યો છે! કેમકે णमो अरिहंताणं દ્વારા જે આત્માને નમસ્કાર કરવામાં આવ્યા છે તે આત્માને તેમના દ્રવ્ય–ગુણ–પર્યાયથી યથાર્થસ્વરૂપે ઓળખતાં પોતાના આત્માનું શુદ્ધસ્વરૂપ ઓળખાય છે ને તરત જ મોહનો નાશ થઈ જાય છે. માટે આપણે સાચું णमो अरिहंताणं કરવું હોય તો, આપણું શુદ્ધસ્વરૂપ અરિહંત ભગવાન જેવું છે તે આપણે ઓળખવું જોઈએ. અરિહંતદેવને આપણે નમસ્કાર કરીએ છીએ તે શા માટે?–કાંઈ કાયમ તેમના સેવક રહેવા માટે નહિ પણ અરિહંત જેવા થવા માટે આપણે તેમને નમસ્કાર કરીએ છીએ. અરિહંત જેવા આપણે ત્યારે જ થઈ શકીએ કે, અરિહંત જેવો જ આપણો શુદ્ધ આત્મા છે–એમ જ્યારે આપણે ઓળખીએ, અને તેમાં શુદ્ધોપયોગ વડે લીન થઈએ. આવી શુદ્ધાત્મસ્વરૂપની ઓળખાણ અને લીનતા એ જ સાચું णमो अरिहंताणं।।

**અર્હન્ત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિવડે,**
**ઉપદેશ પણ એમ જ કરી નિર્વૃત થયા; નમું તેમને.**

( આ સંબંધી ગુરુદેવનું ભાવભીનું પ્રવચન આ અંકમાં ૨૦ મા પાને વાંચો )

# દરેક આત્મા જ્ઞાનસ્વરૂપ છે

卐

( સમયસાર ગાથા. ૧૭–૧૮ ના પ્રવચનમાંથી )

જ્ઞાનસ્વરૂપ આત્માની સેવા વડે મોક્ષમાર્ગ થાય છે. દરેક આત્મા જ્ઞાનસ્વરૂપ હોવા છતાં તે પોતે પોતાને જ્ઞાનસ્વરૂપે કેમ નથી સેવતો ? ને જ્ઞાનસ્વરૂપે પોતાને કઈ રીતે સેવવો ? તે બંને વાત અહીં આચાર્યદેવે સમજાવી છે.

ભાઈ, કોઈ પણ પદાર્થને જાણતાં તારું જ્ઞાન તો ભેગું જ છે, જ્ઞાનની જ હયાતીમાં તે પદાર્થો જાણી શકાય છે માટે જ્ઞાન જ મુખ્ય છે.–એવા જ્ઞાનને તું લક્ષમાં લે; જ્ઞેયો સાથે મિશ્ર કર્યા વગરનું જે એકલું જ્ઞાન, તે 'શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ હું છું' એમ અનુભવમાં લે તો મોક્ષમાર્ગ પ્રગટશે ને તારા સાધ્યની સિદ્ધિ થશે.

આવો સિદ્ધિમાર્ગ બધાયને સમજાય તેવી સુગમ રીતે અહીં સન્તોએ પ્રસિદ્ધ કર્યો છે.

卐

દરેક જીવને પોતાની જ્ઞાનદશા અનુભવમાં આવે જ છે; અજ્ઞાનથી તે રાગદ્વેષાદિ પરભાવોના સ્વાદને જ્ઞાન સાથે ભેળવીને અનુભવે છે, પણ તેમાં પરભાવોથી ભિન્ન જ્ઞાનપણે પોતાનો જે સ્વાદ છે તેને જો ઓળખે તો જ્ઞાનમાત્ર આત્માનું જ્ઞાન થાય, અર્થાત્ આત્મજ્ઞાન થાય, ને એવા જ્ઞાનપૂર્વક આત્માનું સાચું શ્રદ્ધાન થાય. આ રીતે જ્ઞાનસ્વરૂપના શ્રદ્ધા–જ્ઞાન થાય તો જ જીવ પોતાના સ્વરૂપમાં ઠરી શકે, ને તો જ મોક્ષની સિદ્ધિ થાય.

આ જે બધાય ભાવો છે તેમાં શરીરાદિ કે રાગાદિ તે હું નથી, જ્ઞાનભાવ તે જ હું છું–એમ જાણનારસ્વરૂપે જ પોતે પોતાને અનુભવમાં લેતાં આત્મજ્ઞાન થાય છે. જેમ અરિહંતને ઓળખતાં આત્મા જણાય એમ કહ્યું; તેમાં પરમ ઔદારિક દિવ્ય શોભાવાળું શરીર તે કાંઈ અરિહંતની પર્યાય નથી, એ તો જડપુદ્‌ગલની પર્યાય છે, તે પર્યાય વડે અરિહંતનો આત્મા નથી ઓળખાતો; એ જ રીતે રત્નમણિનાં છત્ર–ચામર–સિંહાસન વગેરે પ્રાતિહાર્યો તે પણ જડના સંયોગ છે, તે પ્રાતિહાર્યોની શોભા વડે અરિહંતનો આત્મા ઓળખાતો નથી, કેમકે તે કાંઈ અરિહંતની પર્યાય નથી; અરિહંતદેવની પર્યાય તો કેવળજ્ઞાનાદિરૂપ છે;–જેમાં રાગાદિ નથી, આવી કેવળજ્ઞાનાદિ પર્યાય વડે તથા તેમના ગુણ અને દ્રવ્ય વડે અરિહંતને ઓળખતાં જ્ઞાનસ્વરૂપ આત્મા ઓળખાય છે, એટલે જડના સંયોગથી તથા પરભાવોથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ હું છું–એવું ભેદજ્ઞાન તથા સમ્યગ્દર્શન થાય છે. આ રીતે જ્ઞાનસ્વરૂપ આત્માની પ્રતીત થઈ ત્યારે અરિહંતના આત્માની ઓળખાણ થઈ; ને ત્યારે મોક્ષમાર્ગ શરૂ થયો.

તેમ અહીં પણ કહે છે કે દરેક આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તે જ્ઞાનસ્વરૂપ આત્માને જ્ઞાનપણે ન અનુભવતાં રાગાદિપણે કે જડપણે માનીને જ્ઞાનને ભૂલી જાય છે, તેથી અજ્ઞાનીને શુદ્ધ આત્માની સિદ્ધિ થતી નથી, તે તો અશુદ્ધ આત્માને જ અનુભવે છે. અનેક ભાવોનું (જ્ઞાન, રાગ ને સંયોગોનું) મિશ્રપણું હોવા છતાં તેમાં જે જ્ઞાનપણે અનુભવાય છે તે જ હું છું, ને એ સિવાય બીજા ભાવો તે હું નથી–આમ ભેદજ્ઞાનમાં પ્રવીણ થઈને નિઃશંકપણે અન્ય સમસ્ત ભાવોથી ભિન્ન શુદ્ધજ્ઞાનસ્વરૂપે જ પોતાને અનુભવે છે ત્યારે જ તેમાં એકાગ્ર થઈને આત્મા પોતાની શુદ્ધતાને સાધે છે. આ રીતે સાધ્યની સિદ્ધિ થાય છે.

કોઈ પદાર્થને જાણતાં તેમાં પોતાનું જ્ઞાન તો મુખ્ય છે જ; જ્ઞાનના અસ્તિત્વ વગર જ્ઞેયનું અસ્તિત્વ જાણી શકાય જ નહિ. જ્ઞાન વગર જ્ઞેય શેમાં જણાય? આમ જ્ઞાનની હયાતીમાં જ જ્ઞેયનું અસ્તિત્વ જણાતું હોવા છતાં, અજ્ઞાની તે જ્ઞાનને જ ભૂલી જાય છે.–અરે ભાઈ, જ્ઞેયોને જાણતાં જ્ઞાનસ્વરૂપે તારું અસ્તિત્વ છે–તેને તું કેમ ભૂલી જાય છે! અરે, જાણનારે પરને જાણ્યાં પણ પોતે પોતાને જ ભૂલ્યો! શ્રીમદ્ રાજચંદ્રજી એક પત્રમાં જ્ઞાનની મુખ્યતા બતાવતાં લખે છે કે–(બીજી આવૃત્તિ પૃ. ૨૫૦):

**"કોઈ પણ જાણનાર, ક્યારે પણ, કોઈ પણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે જાણે એમ બનવાયોગ્ય નથી; પ્રથમ પોતાનું વિદ્યમાનપણું**

**ઘટે છે....સર્વથી પ્રથમ રહેનારો જે પદાર્થ, તે જીવ છે; તેને ગૌણ કરીને એટલે તેના વિના કોઈ કંઈ પણ જાણવા ઈચ્છે, તો તે બનવાયોગ્ય નથી; માત્ર તે જ મુખ્ય હોય તો જ બીજું કાંઈ જાણી શકાય."** આ રીતે જીવનું ઊર્ધ્વપણું છે, મુખ્યપણું છે, તેના અસ્તિત્વમાં સર્વ પદાર્થો જાણી શકાય છે. બધાને જાણનારો પોતે, છતાં પોતે પોતાને ભૂલી રહ્યો છે!

**ઘટ પટ આદિ જાણ તું તેથી તેને માન;**
**(પણ) જાણનારને માન નહિ, કહિયે કેવું જ્ઞાન!**
(આત્મસિદ્ધિ)

જ્ઞાનસ્વરૂપ હું નથી, ને પદાર્થો મને જણાય છે–એ વાત કેવી? પદાર્થો જણાય છે, તો પહેલાં તેને જાણનારો તું જ્ઞાનસ્વરૂપે સત્ છો–એમ તારું અસ્તિત્વ જાણ.

અહા, દરેક જીવને પર્યાયે પર્યાયે જ્ઞાન તો પ્રકાશી જ રહ્યું છે; પણ જ્ઞાનને જ્ઞાનપણે ન ઓળખતાં રાગપણે ને જડજ્ઞેયોપણે કલ્પી લ્યે છે, હું જ્ઞાનસ્વરૂપ છું એમ નથી અનુભવતો પણ રાગાદિપણે જ પોતાને અનુભવે છે.–આ રીતે 'અનુભૂતિરૂપ જે જ્ઞાન છે તે જ હું છું'–એવું આત્મજ્ઞાન નહિ હોવાથી તે અજ્ઞાનીને જ્ઞાનસ્વરૂપમાં એકાગ્રતારૂપ મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી, તે તો રાગાદિમાં જ એકાગ્રપણે અજ્ઞાનભાવથી સંસારમાં રખડે છે.

જ્ઞાન વગરનો ક્યો જીવ હોય? કોઈ જીવ જ્ઞાન વગરનો હોય નહિ, તે જ્ઞાનપણે પોતે પોતાને ન ઓળખતાં અન્ય ભાવોપણે જ પોતાને માનવો તે અનાત્મજ્ઞાન છે–મિથ્યાત્વ છે, અપ્રતિબુદ્ધપણું છે. તે કેમ ટળે તેની આ વાત છે.

જ્ઞાનસ્વરૂપ અનુભવ તે જ હું છું–એમ શુદ્ધાત્માના સેવન વડે અજ્ઞાન ટળીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય છે. આ જ્ઞેયપણે જણાતાં અનેક ભાવોમાં જે જ્ઞાનની રચના કરનાર છે તે જ હું છું; રાગની રચના કરનારો હું નહિ, જડની–ભાષાની–શરીરની રચના કરનારો હું નહિ; તેને જાણનારૂં જે જ્ઞાન, તે જ્ઞાનને રચનારો જ્ઞાનસ્વરૂપ હું છું–એમ પરભાવોથી પૃથક્કરણ કરીને જ્ઞાનસ્વરૂપે પોતે પોતાને અનુભવમાં લેવો તેનું નામ જ્ઞાનનું સેવન છે, તે જીવરાજાની સેવા છે, ને તે જ મોક્ષમાર્ગ છે.

# 'જ્ઞાનની સેવા' તે ક્રિયા છે, તે નવી થાય છે

સમયસાર ગા. ૧૭-૧૮માં મોક્ષને માટે જ્ઞાનસ્વરૂપ આત્માને સેવવો-એમ જ્ઞાનને સેવવાનો ઉપદેશ આપ્યો.

ત્યાં શિષ્ય પૂછે છે-પ્રભો! આત્મા તો સદાય જ્ઞાનસ્વરૂપ છે જ, એટલે જ્ઞાનને સેવે છે જ, જ્ઞાનથી જુદો તો નથી; છતાં જ્ઞાનને સેવવાનો ઉપદેશ શા માટે આપો છો? પોતાના જ્ઞાનગુણથી આત્મા કદી જુદો તો નથી, જ્ઞાન સાથે તાદાત્મ્ય જ છે; પછી જ્ઞાનની સેવાનો ઉપદેશ કેમ આપો છો! જુઓ, આ પ્રશ્નના ઉત્તરમાં આચાર્યદેવ વસ્તુસ્વરૂપ સ્પષ્ટ કરીને સમજાવે છેઃ ભાઈ! જ્ઞાનગુણ સાથે આત્મા સદા તાદાત્મ્ય છે-એ સાચું, છતાં તેણે જ્ઞાનને એકક્ષણ પણ સેવ્યું નથી. કેમ નથી સેવ્યું? કારણ કે જ્યારે પર્યાયને જ્ઞાન સાથે તાદાત્મ્ય કરે ત્યારે જ્ઞાનને સેવ્યું કહેવાય. પર્યાય તો રાગ સાથે તાદાત્મ્ય થઈને રાગને જ સેવે છે-રાગને જ અનુભવે છે; જ્ઞાનમાં તન્મય પરિણમતો નથી ને જ્ઞાનને અનુભવતો નથી; માટે જ્ઞાનને સેવતો નથી.

કેમકે **'સેવવું'** તે ક્રિયા છે, ને ક્રિયા તે પર્યાયમાં થાય છે, દ્રવ્ય-ગુણમાં નહીં. દ્રવ્ય-ગુણ ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે, આત્મદ્રવ્યને અને જ્ઞાનગુણને સદા તદ્રૂપપણું છે એ ખરું, પણ તેમાં કાંઈ જ્ઞાનને સેવવારૂપ ક્રિયા નથી, જ્ઞાનની સેવારૂપ ક્રિયા ક્યારે થાય? કે યથાર્થ ભેદજ્ઞાનનો ઉપદેશ પામીને અંદરમાં રાગ અને જ્ઞાનની ભિન્નતાના વિવેક વડે આત્માને યથાર્થસ્વરૂપે જાણે ને તેમાં તન્મય થઈને પરિણમે,-આવું પરિણમન થાય તેનું નામ જ્ઞાનની સેવા છે; ને જ્ઞાનના સેવનરૂપ આ ક્રિયા તે પર્યાય છે. આવી પર્યાય પ્રગટયા વગર જ્ઞાનની સેવા થાય નહીં, જ્ઞાનસ્વભાવ તો સદાય છે, ને પર્યાય તે તરફ ઢળીને તેમાં તદ્રૂપ પરિણમી, તેનું નામ જ્ઞાનની સેવા છે, તે જ મોક્ષમાર્ગ છે.

દ્રવ્ય ને ગુણ તો સદાય તાદાત્મ્ય છે જ, પણ જ્યારે પર્યાય પણ તેમાં જ તાદાત્મ્યરૂપ થઈને પરિણમે ત્યારે શુદ્ધઆત્માનું સેવન (શ્રદ્ધા-જ્ઞાન-આચરણ) કર્યું કહેવાય; ત્યારે શુદ્ધઆત્માની સિદ્ધિ થાય. શુદ્ધાત્માને સેવવારૂપ ક્રિયા તે દ્રવ્યગુણમાં ન હોય, તે તો પર્યાયમાં હોય.

પર્યાય અંતરમાં જ્ઞાનસ્વભાવ તરફ ઝૂકીને તન્મય થવાને બદલે રાગાદિ પરભાવોના જ વેદનમાં તન્મયપણે વર્તે તો તે પર્યાય સ્વયં વિકારરૂપ–અજ્ઞાનરૂપ છે, તેમાં જ્ઞાનસેવનની ક્રિયા નથી પણ અજ્ઞાનનું સેવન છે. જ્ઞાનનું સેવન તો ત્યારે જ થાય કે જ્યારે જ્ઞાનીનો યથાર્થ ઉપદેશ પામીને જીવ પુરુષાર્થવડે પ્રતિબુદ્ધ થાય, ને રાગથી અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપે જ પોતાને જાણીને અનુભવ કરે. આવો અનુભવ તે જ્ઞાનની ક્રિયા છે, તે મોક્ષમાર્ગ છે, તે અપૂર્વ જ્ઞાનક્રિયા નવી પ્રગટે છે. જ્યારે પર્યાયમાં આવો જ્ઞાનભાવ પ્રગટયો ત્યારે જ 'મારા દ્રવ્ય–ગુણ પણ આવા જ્ઞાનસ્વરૂપ જ છે' એમ ખરી ઓળખાણ થઈ. દ્રવ્ય–ગુણ શુદ્ધ છે–એમ ઓળખે ત્યાં પર્યાય પણ તેમાં તદ્રૂપ થઈને શુદ્ધ થાય જ. અંતરમાં તદ્રૂપ થઈને પર્યાયમાં શુદ્ધતા થયા વગર દ્રવ્ય–ગુણની શુદ્ધતાને ઓળખી કોણે ? ઓળખવારૂપ કામ તો પર્યાયમાં થાય છે. આ રીતે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે એકરૂપ થઈને શુદ્ધ જ્ઞાનભાવરૂપે પરિણમ્યા ત્યારે આત્મા 'શુદ્ધ' થયો, ત્યારે જ્ઞાનની સેવા થઈ, ત્યારે જ જ્ઞાનીની પરમાર્થ ઉપાસના થઈ, ત્યારે ધર્મની ક્રિયા થઈ, ને મોક્ષમાર્ગ થયો. આ રીતે જ્ઞાનની સેવા વડે શુદ્ધઆત્માની સિદ્ધિ થાય છે.

卐

## સિંહનો માર્ગ

સિંહ જે માર્ગે ચાલ્યો, તેની રજ ઊડીને ઘાસને ચોંટી, તે ઘાસ ઊભું ઊભું સુકાઈ જશે પણ હરણિયાં તેને ચરશે નહિ....સિંહની ગંધ પાસે હરણિયાં આવી ન શકે.....

તેમ દિવ્યધ્વનિરૂપી સિંહનાદમાં ચૈતન્યનો જે સ્વભાવ આવ્યો, તે સ્વભાવનો જેને સ્પર્શ થયો તે જીવની પરિણતિમાં આઠ કર્મરૂપી હરણિયાં નહિ આવી શકે....તેની પરિણતિ ચૈતન્યને સ્પર્શીને એવી વીતરાગ થશે કે તેની ગંધથી પણ આઠ કર્મરૂપી હરણિયાં દૂર ભાગશે.

આવો છે ભગવાન વીરનો સિંહમાર્ગ !

( જ્યાં આત્મા જાગે ત્યાં કર્મો ભાગે. )

## 'આત્મરસ'

( તેમાં ભરેલા ગંભીર ભાવો )

'સામાન્યનો આવિર્ભાવ' તેનો અર્થ સમજાવતાં ગુરુદેવે ગંભીરભાવે કહ્યું કે–

અભેદસ્વભાવ તરફ ઝુકેલી પર્યાય, તેમાં સામાન્યનો આવિર્ભાવ છે, ને તે પર્યાય રાગાદિથી છૂટી થયેલી છે એટલે ખંડખંડરૂપ નથી, પણ સ્વભાવ સાથેની એકતાના અનુભવથી અખંડ થઈ છે. એને જૈનશાસન કહેવાય છે, એને જૈનધર્મ કહેવાય છે, એને જ ભાવશ્રુત અને મોક્ષમાર્ગ કહેવાય છે. એને જ અતીન્દ્રિયજ્ઞાન અથવા શુદ્ધોપયોગ કહેવાય છે; એને જ આનંદનો સ્વાદ અને વીતરાગવિજ્ઞાન કહેવાય છે. અહો! કેટલા ગંભીર ભાવ છે!–આમાં જ્ઞાનનો સ્વાદ છે, ને આમાં જ શાંતિ છે. ભેદજ્ઞાન ને સમ્યગ્દર્શન આમાં સમાય છે. આત્માના અનંતા ધર્મો આમાં સમાય છે. આ 'આત્મરસ' છે તેમાં 'સબ–રસ' સમાય છે.

( સ. ગા. ૧૫ પ્રવચનમાંથી )

## અનુભૂતિ તે આત્મા

આચાર્યદેવે અનુભૂતિને આત્મા જ કહ્યો, અંતરમાં અભેદ થયેલી સ્વાનુભવરૂપ નિર્મળ પર્યાયને જ આત્મા કહી દીધો, કેમકે તે પર્યાય અભેદ છે, અને તે ભાવશ્રુતપર્યાયમાં સમસ્ત જિનશાસન આવી જાય છે. વિષય અને વિષયી અભેદ છે, એટલે વિષયરૂપ–ધ્યેયરૂપ શુદ્ધઆત્મા, અને તેને વિષય કરનાર શુદ્ધનય, એ બંને અભેદ થયા છે તેથી શુદ્ધનયને આત્મા જ કહ્યો. શુદ્ધનય કહો, આત્માની અનુભૂતિ કહો કે શુદ્ધઆત્મા કહો, તે એક જ છે. એ રીતે અનુભવમાં એક આત્મા જ પ્રકાશમાન છે. આવા આત્માને જાણ્યો–અનુભવ્યો તેણે સમસ્ત જિનશાસનને જાણ્યું, જિનદેવના સર્વ ઉપદેશનું રહસ્ય તેણે જાણી લીધું.

## કોના જેવા થઈશું ?

( આપણે તો વીરનાં સંતાન છીએ )

બંધુઓ, આપણે ગાંધીજી જેવા કે જવાહરજી જેવા નથી થવું....આપણે તો મહાવીર જેવા થવું છે કેમકે આપણે વીરનાં સંતાન છીએ. બહેનો, આપણે ઝાંસી કી રાણી જેવા કે ઇંદિરાબેન ગાંધી જેવા નથી થવું, આપણે તો બ્રાહ્મી–સુંદરી ને ચંદના–સીતા જેવા થવું છે.

તે ધર્માત્મા સંતોનું જીવન એ જ આપણો આદર્શ છે.

# માતા કહે છે બાળકને.....



એક બાળક પોતાની માતા પાસે અંતરની કેવી ભાવનાઓ રજુ કરે છે તે આપણે આત્મધર્મ અંક ૩૦૦ માં વાંચ્યું. હવે એક આદર્શ માતા નાનપણથી જ પોતાનાં બાળકોને કેવા ઉચ્ચ સંસ્કારોની શિખામણ આપે છે? તે અહીં રજુ કરેલ છેઃ–

(૧) તું આત્માને ભૂલીશ નહિ,
હિંસા કદી કરીશ નહિ.
(૨) તું ભગવાનને ભૂલીશ નહિ,
ખોટું કદી બોલીશ નહિ.
(૩) તું ગુરુસ્તુતિને ભૂલીશ નહિ,
ચોરી કદી કરીશ નહિ.
(૪) તું શાસ્ત્ર જ્યાં ત્યાં મૂકીશ નહિ,
રાત્રે કદી જમીશ નહિ.
(૫) તું સદા સંતોષથી રહેજે,
મમતા કદી કરીશ નહિ.
(૬) તું સારી શિખામણ માનજે,
એટલું બરાબર કરજે.

(જૈન બાળપોથી : પાઠ ૨૨)

(માતાઓ! આપનાં બાળકોમાં ઉચ્ચ આદર્શોનું સહેલાઈથી સીંચન કરવા માટે આવી શિખામણનો પ્રયોગ જરૂર કરવા જેવો છે. બાળકના જીવનમાં માતા દ્વારા મળતા સંસ્કારનું સ્થાન સૌથી ઊંચું છે.)

# અતીન્દ્રિય સુખની આનંદકારી વાત

પ્રવચનસારના પ્રવચનમાંથી ( ગા. ૬૪ ) ‘કારતક સુદ તેરસ’

## મોક્ષસુખની મજાની વાત

મોક્ષસુખની મજાની વાત સાંભળતાં મુમુક્ષુને સહેજે ઉલ્લાસ આવે છેઃ આ સંબંધમાં ઉમરાળાનગરીના ઉજમબા–સ્વાધ્યાયગૃહમાં દીવાલ પર લખ્યું છે કે “જ્ઞાનીના શ્રીમુખથી આત્માના અતીન્દ્રિયસ્વભાવસુખની વાર્તા સાંભળતાં જેના અંતરમાં ઉલ્લાસ આવે છે તે મુમુક્ષુજીવ જરૂર મોક્ષ પામે છે.” આવા મોક્ષસુખની અદ્‌ભુત વાત બેહજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્યદેવ આ ભરતક્ષેત્રમાં સંભળાવતા હતા, એ જ વાત ગુરુદેવ આજે આપણને સંભળાવે છે....આવો, આનંદથી એનો સ્વાદ ચાખીએ.

卐

અતીન્દ્રિય સુખનો પરમ મહિમા બતાવીને આચાર્યદેવે કહ્યું કે અહો, આત્માનું આવું જે પરમ સુખ, તેની શ્રદ્ધા કરનાર સમ્યગ્દ્રષ્ટિ છે, આસન્નભવ્ય છે; પોતામાં એવા ઇન્દ્રિયાતીત સુખનો સ્વાદ જેણે ચાખ્યો છે તે જ સર્વજ્ઞના અતીન્દ્રિય–પૂર્ણસુખની પરમાર્થ શ્રદ્ધા કરી શકે છે. આવા સુખની જેને ખબર નથી ને ઇન્દ્રિયવિષયોમાં જ સુખની લાલસા કરી રહ્યા છે તે જીવો આસન્નભવ્ય નથી; તે તો વિષયોમાં આકુળવ્યાકુળ વર્તતા થકા દુઃખમાં તરફડે છે.

અતીન્દ્રિય આત્માને જાણનારું પ્રત્યક્ષજ્ઞાન તો તેમને નથી, એકાન્ત પરોક્ષબુદ્ધિ વડે ઇન્દ્રિયો જ તેમને મૈત્રી વર્તે છે; મહા મોહના અતિશય દુઃખને લીધે તે જીવો વેગથી બાહ્યવિષયોને રમ્ય માનીને તે તરફ ઝંપલાવે છે, પણ તેમાં સાચા સુખની ગંધ પણ મળતી નથી, એટલે તે જીવો એકાંત દુઃખી જ છે.

આચાર્યદેવ કહે કે અરે, ઇન્દ્રિયો તરફ જ જેનું જ્ઞાન એકાકાર વર્તી રહ્યું છે તે જીવોએ અતીન્દ્રિયસુખથી ભરેલા આત્માની મિત્રતા છોડી દીધી, ને જડ ઇન્દ્રિયોની સાથે મિત્રતા કરી. તેને ઇન્દ્રિયો જીવતી છે, પણ અતીન્દ્રિયભગવાન આત્મા તો જાણે મરી ગયો હોય–એમ એને દેખાતો નથી. ઇન્દ્રિયો અને તેના વિષયો જ તેને દેખાય છે પણ તેનાથી પાર અતીન્દ્રિય આનંદનો સમુદ્ર તેને દેખાતો નથી. અરે, જ્યાં સુધી ભર્યું છે ત્યાં મિત્રતા નથી કરતો, ને જ્યાં એકાંત દુઃખ છે ત્યાં મિત્રતા કરવા દોડે છે!–એવા જીવોને શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે–

અનંતસુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા,
અનંતદુઃખ નામ સુખ પ્રેમ ત્યાં વિચિત્રતા!
ઉઘાડ ન્યાયનેત્રને નિહાળ રે! નિહાળ તું,
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

અરે, અનંતસુખથી ભરેલો આ આત્મસ્વભાવ, તેની આરાધનામાં દુઃખ કલ્પીને તેની મિત્રતા તો છોડી દીધી, તેમાં જરાય દુઃખ નથી, એકલું અનંતસુખ ભર્યું છે,–તેમાં તું પ્રીતિ કેમ નથી કરતો? અને બાહ્યવિષયો–કે જેની પ્રીતિમાં અનંતદુઃખ છે, છતાં ત્યાં સુખ કલ્પીને અજ્ઞાની પ્રેમ કરે છે,–એ આશ્ચર્યની વાત છે! જેમાં સુખ ભર્યું છે એવા પોતા સામે તો જોતો નથી, ને જેમાં સ્વપ્નેય સુખ નથી તેમાં પ્રેમ કરે છે–એ અજ્ઞાન છે. આવા અજ્ઞાનને હે જીવ! તું છોડ! ને જ્ઞાનનેત્ર ઉઘાડીને જો.....તારામાં જ સુખ છે તેને દેખ.....ને બાહ્યવિષયોમાં સુખબુદ્ધિની વિપરીત પ્રવૃત્તિને તું શીઘ્ર છોડ.

જ્ઞાનીઓને ચૈતન્યના અતીન્દ્રિયસુખના સ્વાદ પાસે જગતના કોઈ વિષયો રુચિકર લાગતા નથી. શુભ કે અશુભ કોઈપણ ઇન્દ્રિયવિષયોમાં, કે તે તરફના રાગમાં ધર્મીજીવોને કદી સુખ ભાસતું નથી. અરે, અતીન્દ્રિય આનંદનો ધણી આ ચૈતન્યભગવાન, તે ઇન્દ્રિયના વિષયોમાં અટકી જાય–એ તો નિંદ્ય છે. ઇન્દ્રિયોને હત કીધી, ત્યાં ઇન્દ્રિયો તો જડ છે, પણ તે તરફનું વલણ તે હત છે, નિંદ્ય છે ને દુઃખરૂપ છે. દુઃખી જીવો જ બાહ્યવિષયો તરફ આકુળતાથી દોડે છે. જો દુઃખી ન હોય તો વિષયો તરફ કેમ દોડે? અતીન્દ્રિય ચૈતન્યસુખના સ્વાદમાં લીન સન્તોને ઇન્દ્રિયવિષયોસન્મુખ વલણ થતું નથી.

અહા, આત્માના અતીન્દ્રિયસુખસ્વભાવની અલૌકિક વાત પ્રસન્નતાથી જેના અંતરમાં બેઠી, આચાર્યદેવ કહે છે કે, તે જીવ અલ્પકાળમાં મોક્ષ પામશે; કેમકે તેની રુચિનું વલણ ઇન્દ્રિયો તરફથી ને ઇન્દ્રિયજ્ઞાન તરફથી પાછું ખસીને અતીન્દ્રિય જ્ઞાન–આનંદસ્વભાવ તરફ

ઉલ્લસિત થયું. ચૈતન્યસ્વભાવની સમીપ અને ઇન્દ્રિયોથી દૂર થઈને તે આત્મા અતીન્દ્રિયસુખનો અનુભવ કરશે.

ચૈતન્યજીવનની જ્યોત ઇન્દ્રિયોમાં નથી; ઇન્દ્રિયોના સંગે ચૈતન્યજીવનની જ્યોત ઝાંખી પડી જાય છે. ભાઈ ! તું અતીન્દ્રિય વીતરાગી ચૈતન્યજ્યોત છો, તારે ઇન્દ્રિયો સાથે ભાઈબંધી કેવી ? અતીન્દ્રિય સ્વભાવની સન્મુખ થયેલી ઝળહળતી જ્ઞાનજ્યોત, તે જ અતીન્દ્રિય સુખનું કારણ છે.

મુક્તજીવો સિદ્ધભગવંતો ઇન્દ્રિય કે શરીર વગર જ પરમ સુખરૂપે સ્વયમેવ પરિણમે છે, શરીર વગરનું અતીન્દ્રિય સુખ તે ભગવંતોને પ્રસિદ્ધ છે; જેમ ત્યાં શરીર વગર જ સુખ છે એટલે શરીર તે સુખનું સાધન નથી; તેમ નીચલીદશામાં સશરીર જીવોને પણ શરીર તે સુખનું સાધન નથી. અજ્ઞાની મિથ્યાકલ્પનાથી માને ભલે કે શરીરમાં ને ઇન્દ્રિયવિષયોમાં સુખ છે, પરંતુ તે કલ્પના પણ શરીરને કારણે કે વિષયોને કારણે થઈ નથી. એ શરીરાદિક તો અચેતન છે, તે જીવની પરિણતિમાં અકિંચિત્કર છે.

અજ્ઞાનીનું જે કલ્પિત ઇન્દ્રિયસુખ (ખરૂં સુખ નહિ પણ સુખની માત્ર કલ્પના) તેમાં પણ શરીર કાંઈ સાધન થતું નથી, સુખની કલ્પનારૂપે શરીર નથી પરિણમતું, કે શરીર એમ નથી કહેતું કે તું મારામાં સુખની કલ્પના કર. અજ્ઞાની પોતાના મોહને વશે જ પરમાં સુખની મિથ્યાકલ્પના કરે છે. આ રીતે સંસારઅવસ્થામાં કલ્પિત સુખમાં પણ શરીરાદિ વિષયો સાધન થતા નથી, તોપછી સિદ્ધભગવંતોનું જે પરમ અતીન્દ્રિય સહજ આત્મિકસુખ, તેમાં શરીરાદિ વિષયો શું કરે ? એ તો અકિંચિત્કર છે. આ રીતે ઇન્દ્રિયવિષયો વગરનું આત્માનું સુખ પ્રસિદ્ધ કરીને સમજાવ્યું. અહો, આવા સુખને કોણ ન સ્વીકારે ? આત્માના આવા સુખસ્વભાવને જાણીને બાહ્યવિષયોમાં સુખબુદ્ધિ કોણ ન છોડે ?–આચાર્યદેવ કહે છે કે ભવ્યજીવો આત્માના સુખની આ વાત સાંભળતાં જ ઉલ્લાસથી તેનો સ્વીકાર કરે છે, ને બાહ્યવિષયોમાં સુખની બુદ્ધિ તરત જ છોડે છે–એવો જીવ અલ્પકાળમાં મોક્ષસુખને પામે છે.


જુઓ, આ મોક્ષસુખની મજાની વાત ! આત્મા ત્રિકાળ શુદ્ધઉપાદાનસ્વરૂપે પૂર્ણ અતીન્દ્રિય પરમસુખથી ભરેલો છે. તેને ભૂલીને અશુદ્ધ ઉપાદાનપણે પરિણમતો આત્મા પોતે ઇન્દ્રિયસુખરૂપે પરિણમતો પરમાં સુખની મિથ્યા કલ્પના કરે છે. એ જ રીતે જ્યારે શુદ્ધસ્વરૂપનું ભાન કરીને સ્વસન્મુખ શુદ્ધઉપાદાનરૂપે પરિણમતો આત્મા સ્વયમેવ

અતીન્દ્રિય સુખરૂપ થાય છે, ત્યારે તેમાં પણ પરદ્રવ્યો જરાય સાધન નથી. બીજા કોઈ પણ કારણ વિના સ્વયમેવ આત્મા પોતે સુખકારણરૂપ પરિણમતો થકો અતીન્દ્રિયસુખરૂપ થાય છે. અહા, તારા મોક્ષસુખની કેવી મજાની વાત છે! સિદ્ધ જેવા સુખરૂપે થવાની તારી પોતાની તાકાત છે, તેમાં બીજા કોઈ સાધનની જરૂર નથી. જ્યાં શરીર પણ સાધન નથી ત્યાં બીજા સાધનની શી વાત! નીચલી દશામાં શરીર છે પણ તે શરીર કાંઈ સાધન થઈને પરમાં સુખની કલ્પના નથી કરાવતું; અજ્ઞાની પોતે પોતાના અજ્ઞાનથી તેવી કલ્પના કરે છે. આ રીતે અજ્ઞાનમાં કે જ્ઞાનમાં, ઇન્દ્રિયસુખની કલ્પનામાં કે અતીન્દ્રિયસુખના વેદનમાં ક્યાંય શરીર કે ઇન્દ્રિયો સાધન નથી, જીવ જ તે-રૂપે પરિણમે છે.

જીવ પોતે સુખસ્વભાવી છે. જેમ જ્ઞાન જીવનો સ્વભાવ છે તેમ સુખ પણ જીવનો સ્વભાવ છે. તે સ્વભાવની સમીચીનદશામાં અતીન્દ્રિયસુખ છે, ને તેને ભૂલીને વિપરીત દશા થતાં પરમાં સુખની મિથ્યાકલ્પના કરે છે.–પણ તેમાં પરદ્રવ્ય તો જીવને કાંઈ કરતું નથી. પરને કારણે શુભરાગ નથી, ને શુભરાગને કારણે સાચું સુખ નથી. જ્ઞાનને ઇન્દ્રિયોથી પાર કરીને, સ્વભાવસન્મુખ થતાં અતીન્દ્રિયસુખનું વેદન થાય છે; તેથી આવું અતીન્દ્રિયજ્ઞાન જ અતીન્દ્રિયસુખનું સાધન છે. સુખ કહો કે ધર્મ કહો, તેમાં શરીર, ઇન્દ્રિયો કે રાગ તે જરાય સાધન નથી. તે બધાયના અભાવમાં આત્મા પોતે એકલો જ પરમ સુખરૂપે પરિણમે છે; સ્વયમેવ સુખરૂપે પરિણમવાની શક્તિ જીવની છે.

અહો, મોક્ષસુખની આવી મજાની વાત, તે પ્રસિદ્ધ કરીને આચાર્યદેવ કહે છે કે આવા દિવ્ય આત્મસ્વરૂપને જાણો.....ને બાહ્યવિષયોથી બસ થાઓ. સિદ્ધભગવાન જેવા અચિંત્ય પોતાના જ્ઞાન-આનંદસ્વરૂપને જાણીને, સુખાર્થી જીવો વિષયાલંબીભાવ છોડીને આત્માના જ અવલંબને પરમ આનંદરૂપે પરિણમો.

**પરમઆનંદરૂપે પરિણમેલા અરિહંતોને નમસ્કાર હો.**



* હે જીવ! ઉત્તમ સત્કાર્યો તું કર!
અને, જે સત્કાર્ય તારાથી ન બની શકતું હોય તે સત્કાર્ય કરનારા બીજા સાધર્મીની પ્રશંસા અનુમોદના કરજે.....ઈર્ષા નહીં.



# મોક્ષને માટે કોની સેવા કરવી ?

卐

શ્રી જિનેશ્વર ભગવંતોએ કહેલા તત્ત્વનું, એટલે કે આત્માના સ્વરૂપનું આ એક મહાન રહસ્ય છે કે, પોતાને પરમાત્મા થવા માટે, મોક્ષ પામવા માટે, બહારમાં કોઈ બીજાની સેવા કરવી પડે–એવી પરાધીનતા નથી, મોક્ષને માટે જેની સેવા કરવાની છે તે સેવ્ય પણ પોતે જ છે; મુમુક્ષુ પોતે પોતાના શુદ્ધસ્વરૂપની સેવા કરીને (એટલે કે તેના જ્ઞાન–શ્રદ્ધા–અનુચરણ કરીને) મોક્ષદશા પામે છે.

પંચ પરમેષ્ઠી ભગવંતોની સાચી સેવા પણ એ જ પ્રકારે થઈ શકે છે,–કેમકે પંચપરમેષ્ઠી ભગવંતો વીતરાગ છે, એટલે તેમની સેવા વીતરાગભાવવડે જ થઈ શકે; રાગના સેવન વડે વીતરાગનું સેવન થઈ શકે નહિ. માટે આચાર્ય ભગવાન ૩૧મી ગાથામાં કહે છે કે તારે અરિહંતોની પરમાર્થ સેવા કરવી હોય તો અતીન્દ્રિય થઈને તારા શુદ્ધઆત્માને અનુભવમાં લે.

મોક્ષાર્થી જીવે 'જીવ–રાજા' ની (–ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપની) સેવા કઈ રીતે કરવી તે અહીં ગા. ૧૭–૧૮ માં ગુરુદેવ સમજાવે છે.

卐

મોક્ષાર્થી જીવે આત્માને કઈ રીતે સાધવો ? તે વાત રાજાના દ્રષ્ટાંતવડે આચાર્યદેવ સમજાવે છે. (સમયસાર ગા. ૧૭–૧૮) સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે નિર્મળ પર્યાય, તે જ આત્માના મોક્ષની સિદ્ધિનું કારણ છે, માટે ધર્માત્માએ સદાય તે દર્શન–જ્ઞાન–ચારિત્રનું સેવન કર્યું. અને તે નિર્મળ દર્શન–જ્ઞાન–ચારિત્ર પર્યાયો આત્મા સાથે અભેદ છે, માટે પરમાર્થથી એક આત્માને જ સેવવો–એમ ઉપદેશ છે. આમાં ક્યાંય રાગનું સેવન ન આવ્યું. અભેદથી કહો તો શુદ્ધ આત્માને સેવવો, ને ભેદથી–પર્યાયથી કહો તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને સેવવાં,–આ જ મોક્ષને સાધવાની રીત છે. આ સિવાય બીજા કોઈ ઉપાયથી સાધ્યની સિદ્ધિ થતી નથી.

જેમ ધનનો અભિલાષી જીવ રાજાની સેવા કરે છે, રાજાને ઓળખે છે, શ્રદ્ધા

કરે છે ને તેને અનુસરે છે;–એમ ઉદ્યમ વડે સર્વ પ્રકારે તેની સેવા કરીને રાજાને રીઝવે છે, ને રાજા તેને ધન આપે છે. તેમ મોક્ષનો અભિલાષી મુમુક્ષુ જીવ શુદ્ધચૈતન્યરાજાને સેવે છે; ત્રણ જગતમાં શ્રેષ્ઠ, અનંતી કેવળજ્ઞાનસંપદાનો સ્વામી એવો આ જીવરાજા છે;–राजते તે રાજા–પોતાના નિજગુણોથી જે રાજે–શોભે તે રાજા; આવો ચિદાનંદ જીવરાજા હું જ છું એમ અંતરના યત્નપૂર્વક બરાબર ઓળખીને શ્રદ્ધા કરવી ને પછી તેમાં જ લીન થવું;–એમ કરવાથી જરૂર મોક્ષ સધાય છે; બીજી રીતે મોક્ષ સધાતો નથી.

આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાયના, કે શુદ્ધ–અશુદ્ધના વિકલ્પો જ કરવામાં રોકાઈ રહે, તો કાંઈ આત્મા સધાય નહિ એટલે કે અનુભવમાં આવે નહિ. શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર કે જે રાગ વગરનાં છે, તેના વડે જ આત્મા અનુભવાય છે. આવો અનુભવ તે જ મોક્ષમાર્ગ છે.

અહા, આત્માની સેવા કઈ રીતે કરવી! તેની આ અપૂર્વ વાત છે. પોતે પોતાની સેવા કઈ રીતે કરવી? તે સેવા કરતાં જીવને આવડયું નથી. પરની સેવા તો શુભરાગ છે, તે કાંઈ મુક્તિનું સાધન નથી; પરની સેવાની વાત તો દૂર રહી, અહીં તો પોતાના આત્મામાં પણ 'હું એક છું, અનેક છું' ઇત્યાદિ રાગમિશ્રિત વિચારવડે પણ આત્માની સાચી સેવા થતી નથી; અંતર્મુખ અવલોકનવડે સમ્યક્ ઓળખાણ–શ્રદ્ધા અને એકાગ્રતા વડે જ પોતાના આત્માની સાચી સેવા થાય છે; આત્મરાજાની આવી સેવા તે જ મોક્ષનું સાધન છે; તેનો અહીં ઉપદેશ છે. આવી સેવા તે પરમધર્મ છે. સેવા એટલે આરાધના; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે આત્માની સેવા છે.

જુઓ, મોક્ષને માટે કોની સેવા કરવી? કોની સેવા કરવાથી મોક્ષ પમાય? તે અહીં સમજાવે છે. શુદ્ધઆત્માને જાણીને તેના સેવનથી મોક્ષ પમાય છે. પરના સેવનથી કે પુણ્યના સેવનથી મોક્ષ નથી પમાતો. સમ્યગ્દર્શન પણ શુદ્ધાત્માના જ સેવનથી પમાય છે, રાગના સેવનથી નથી પમાતું; એ જ પ્રમાણે સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર પણ શુદ્ધાત્માની સન્મુખતારૂપ તેની સેવાથી પમાય છે, શુભરાગથી તે પમાતા નથી. શુદ્ધઆત્માની આવી સેવા કરે ત્યારે તેણે જ્ઞાનીની ખરી સેવા કરી કહેવાય.

અજ્ઞાની જીવો આત્માને પરભાવોથી જાુદો ઓળખતા નથી, ને જ્ઞાનથી અન્ય એવા પરભાવો સાથે એકમેકપણે માનીને અશુદ્ધઆત્માને જ સેવે છે, શુદ્ધઆત્માની સેવા કરતાં તેને આવડતી નથી. શ્રીગુરુ તેને ભેદજ્ઞાન કરાવીને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવે છે કે ભાઈ, તારો આત્મા સર્વે પરભાવોથી જાુદો જ્ઞાનમાત્ર જ છે; જ્ઞાન જ

તારું ચિહ્ન છે; જ્ઞાનચિહ્નવડે આત્માને અનુભવમાં લે. 'જ્ઞાન' તે જ તારો 'ભાવ' છે, તે જ તારું લક્ષણ છે, એ સિવાય અંદરનો શુભવિકલ્પ તે પણ તારું ખરૂં સ્વરૂપ નથી. તે વિકલ્પની સાથે જ્ઞાનને ભેળસેળ કરવાથી સાચો આત્મા તને વેદનમાં નહિ આવે; તેમાં તો અશુદ્ધભાવનું જ સેવન થશે, અશુદ્ધભાવનું સેવન તે સંસાર છે; શુદ્ધઆત્માનું સેવન તે મોક્ષનું સાધન છે.

શુદ્ધઆત્માનું સેવન–અવલોકન અતીન્દ્રિયજ્ઞાનવડે થાય છે. સ્વસન્મુખ સંવેદનપ્રત્યક્ષરૂપ જે અતીન્દ્રિયભાવશ્રુત, તેના વડે આત્મા શ્રદ્ધા–જ્ઞાન–અનુભવમાં આવે છે. રાગને–વિકલ્પને કે ઈન્દ્રિય તરફના જ્ઞાનને સાધન બનાવીને આત્માને અનુભવમાં લેવા માંગે તો તે કદી અનુભવમાં ન આવે.

આત્માની આરાધના સમજાવવા માટે આચાર્યદેવે દાખલો પણ ઉત્તમ એવા રાજાની સેવાનો આપ્યો. રાજા એટલે શ્રેષ્ઠ; જગતમાં આ ચિદાનંદ ભગવાન જ શ્રેષ્ઠ જીવ–રાજા છે, રાગાદિવડે જેની શોભા નથી, પોતાના અનંતગુણની અનુભૂતિવડે જ જે સ્વયં શોભે છે.–આવો આત્મા અનુભૂતિસ્વરૂપ હું જ છું એવી ઓળખાણ સહિત નિઃશંક શ્રદ્ધા કરવી ને તેમાં જ લીન થવું–તે મોક્ષની પ્રાપ્તિની રીત છે. આ રીતે જ મોક્ષ સધાય છે, બીજી રીતે મોક્ષ સધાતો નથી.

જે ખરેખર મોક્ષનો અર્થી હોય, સંસારના પરભાવોથી થાકીને અંતરમાં આત્માની શાંતિને શોધતો હોય, એવા મોક્ષાર્થી જીવે શું કરવું તેનો આ ઉપદેશ છે. જેમ ધનને ચાહનારો પ્રાણી જેની પાસે ધનભંડાર ભર્યા હોય એવા રાજાની સેવા કરે છે, તેમ જેને સુખની ચાહના છે, શાંતિની ચાહના છે, તે શાંતિના ભંડાર જ્યાં ભર્યા છે એવા ચૈતન્યરાજાની સેવા કરે છે. રાજા એવા ઉદાર હોય છે કે સેવા કરનારને ધન આપીને દરિદ્રતા મટાડે જ; તેમ આ જીવરાજા એવો મહાન છે કે અંતર્મુખ થઈને તેની સેવા ( શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતા ) કરનારને પરમ જ્ઞાન–આનંદ આપીને દુઃખ મટાડે જ. આત્મ–રાજાની સન્મુખ થઈને સેવા કરે તેને મોક્ષ મળે જ. માટે સ્વરૂપની પ્રાપ્તિના ઈચ્છક એવા આત્માર્થી જીવોએ આ જ્ઞાનસ્વરૂપ આત્માને નિરંતર સેવવો. તેની સેવાથી જ મોક્ષ પમાય છે.

'ભાવનગર' ના રાજા પાસે એકવાર એક માણસ આવ્યો; રાજાએ પૂછયું–કેમ આવવું થયું ! ત્યારે તે કહે–મહારાજ ! ભરેલા સરોવર પાસે તો બધા તરસ્યા પ્રાણીઓ આવે....તેની લાયકાત દેખીને તરત રાજાએ હુકમ કર્યો ને તેને સારી પદવી આપી. તેમ આત્માનો જિજ્ઞાસુ થઈને જે જીવ ચૈતન્યરાજાની સેવા ( આરાધના ) કરવા

આવ્યો, અંતર્મુખ થઈને તેની ઓળખાણ ને શ્રદ્ધા કરી, તેને માટે ચેતનરાજા મોક્ષનો હુકમ કરે છે કે આને સિદ્ધપદવી આપો. રાજાને બરાબર ઓળખીને તેની સેવા કરે છે, તેમ ચૈતન્યસ્વરૂપ જીવરાજાને બરાબર ઓળખવો જોઈએ; ઓળખીને તેનો અનુભવ કરતાં જરૂર મોક્ષદશા પ્રગટે છે.

જેણે આત્માનું કલ્યાણ કરવું હોય, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તેણે કોની સેવા કરવી તે વાત સમજાવે છે. જેને જે પ્રિય હોય તે તેની સેવા કરે; અને પોતે જેની સેવા કરે છે તેના જેવો થવા માંગે છે. તો અહીં જેણે શુદ્ધતા પ્રાપ્ત કરવી હોય તેણે શુદ્ધ એવો પોતાનો આત્મા જાણીને તેની સેવા કરવી. સેવા કરવી એટલે શું ? કે તેનું સ્વરૂપ બરાબર ઓળખીને શ્રદ્ધા કરે કે 'આવો જ્ઞાનસ્વરૂપે અનુભવમાં આવતો આત્મા જ હું છું,' એમ શ્રદ્ધા કરીને તેને જ અનુસરે–તેમાં જ એકાગ્રતા કરે; રાગને ન અનુસરે, તેના સેવનમાં કિંચિત હિત ન માને; તેનાથી જ્ઞાનસ્વરૂપની ભિન્નતા જાણીને જ્ઞાનને જ સેવે. જ્ઞાનની અનુભૂતિસ્વરૂપ જ હું છું. આમ અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્માને સેવતાં તેની પ્રાપ્તિ થાય છે, સિદ્ધિ થાય છે.–મોક્ષને માટે આ ઉપાય છે, બીજા ઉપાયે મોક્ષ નથી.

મોક્ષાર્થી જીવે શું કરવું ?

પ્રથમ તો, જેની સેવા કરવાથી મોક્ષ થાય છે તે શુદ્ધ આત્માનું સ્વરૂપ સર્વ પ્રકારનાં લક્ષણવડે બરાબર ઓળખવું. તે ઓળખાણ કઈ રીતે થાય ? કે સીધા સ્વાલંબી જ્ઞાનવડે સાચી ઓળખાણ થાય. પોતાના સ્વભાવની જાતનો જે પોતાનો જ્ઞાનઅંશ, તે જ્ઞાનવડે આત્મા સ્વસંવેદનમાં આવે છે. રાગાદિ ભાવો તે જુદી જાતના છે, ચૈતન્યની જાતના તે નથી, એટલે તે રાગાદિના અનુભવ દ્વારા આત્માના સ્વભાવનો અનુભવ થતો નથી, ઓળખાણ થતી નથી.

માટે જ્ઞાનદશાને અંતર્મુખ કરીને સીધું જ્ઞાનનું વેદન કરતાં તે સ્વસંવેદનમાં આત્મા જણાય છે; ને એવા અંતર્મુખ જ્ઞાનસહિત તેની સાચી શ્રદ્ધા થાય છે કે 'આ જે જ્ઞાનવેદનમાં આવ્યો તે જ હું છું.' આવા શ્રદ્ધા–જ્ઞાન કરીને પછી તે આત્માનું જ સેવન કરવાથી મુક્તિ થાય છે. જે સ્વરૂપ જાણ્યું તેમાં ઠર્યો; પણ જેણે પોતાનું સ્વરૂપ જાણ્યું નથી, તે જાણ્યા વગર ઠરશે શેમાં ? શુદ્ધઆત્મસ્વરૂપ જે ૧૪–૧૫ ગાથામાં બતાવ્યું, તે શુદ્ધાત્માના સેવનમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે આવી જાય છે, એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું સેવન કહો કે એક શુદ્ધઆત્માનું સેવન કહો, તે મોક્ષનો ઉપાય છે. માટે હે ભવ્ય જીવો ! તમે તેનું સેવન કરો.

પહેલાં જ્ઞાન કર કે હું તો જ્ઞાનના અનુભવરૂપ છું. દેહ હું નહિ, રાગાદિભાવો હું નહિ, જ્ઞાનપણે અનુભવમાં આવે છે તે જ હું છું.–આમ જ્ઞાનની અનુભૂતિ તે આત્માની અનુભૂતિ છે; એવા જ્ઞાનસ્વરૂપે પોતે પોતાને ઓળખવો.–આ ઓળખાણની સાથે જ શ્રદ્ધા અને અનુભવ ભેગાં જ છે. આનંદમય આત્માના અનુભવસહિત આવાં જ્ઞાન–શ્રદ્ધા થાય છે. આત્માને યથાર્થસ્વરૂપે જાણતાં ને શ્રદ્ધામાં લેતાં તેનો આનંદ પણ ભેગો અનુભવમાં આવે છે. અરે, આત્માના આનંદનો આવો માર્ગ તેને ખ્યાલમાં તો લ્યો. આનંદનો માર્ગ કહો કે મોક્ષનો માર્ગ કહો; મોક્ષ એટલે પૂર્ણ આનંદ; તેનો માર્ગ પણ આનંદરૂપ છે.

અરિહંતનું સ્વરૂપ જાણતાં આત્માનું શુદ્ધસ્વરૂપ જણાય છે; અરિહંતના જેવા શુદ્ધદ્રવ્ય–ગુણ છે તેવા જ મારામાં છે–એમ લક્ષમાં લઈને સ્વસન્મુખ થયો ત્યાં પર્યાય પણ શુદ્ધ થઈ; ત્યારે અરિહંત જેવા પોતાના આત્માને ઓળખ્યો એટલે સમ્યગ્દર્શન થયું. અજ્ઞાનીને શુદ્ધ સ્વરૂપ કઈ રીતે સમજાવવું? એટલે તેને અરિહંતનો આદર્શ આપીને શુદ્ધસ્વરૂપ સમજાવ્યું કે ભાઈ! જો, આ અરિહંતનો આત્મા જેવો શુદ્ધ છે ને! તેવો જ શુદ્ધ તારો આત્મા છે. આવો આત્મા લક્ષમાં લઈને તેની નિઃશંક શ્રદ્ધા કરી, ને પછી અત્યંત ધીરજથી તેમાં જ પરિણામ એકાગ્ર કરીને લીન થયો, તે મોક્ષમાર્ગ છે.

આવા જ માર્ગવડે અનંતા તીર્થંકરભગવંતો સિદ્ધિ પામ્યા છે, ને આવો જ માર્ગ તેમણે જગતને ઉપદેશ્યો છે. તે જ માર્ગને સીમંધરભગવાન પાસેથી સાંભળીને અને જાતે અનુભવીને આ સમયસારમાં કુંદકુંદાચાર્યદેવે પ્રસિદ્ધ કર્યો છે. હે જીવો! તમે તમારા અનુભૂતિસ્વરૂપ જીવરાજાને ઓળખીને તેની શ્રદ્ધા કરો ને તેમાં જ એકાગ્રતારૂપ આચરણ કરો.–એમ કરવાથી પરમઆનંદરૂપ મોક્ષની સિદ્ધિ થશે.

જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,
એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ.

卐

# સમ્યગ્દર્શન થાય છે ત્યારે....

**જુઓ, આ સમ્યગ્દર્શનનો મંત્ર છે.....શ્રી ગુરુઓએ સમ્યગ્દર્શન માટે ભવ્ય જીવોને આ શુદ્ધનયરૂપ મંત્ર આપ્યો છે; આ મંત્ર વડે જરૂર સમ્યગ્દર્શન થાય છે. અને જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે.....શું થાય છે? તે આ સમયસાર કલશ ૧૦ ઉપરનું પ્રવચન આપને કહેશે.**

સમ્યગ્દર્શનના ઉપોદ્ઘાતનો આ શ્લોક છે. સમ્યગ્દર્શન કેવા આત્માને પ્રકાશિત કરે છે? તે કહે છે–

'આત્મસ્વભાવં પરભાવભિન્નં'–પરભાવોથી ભિન્ન એવા આત્મસ્વભાવને અનુભવમાં લેતું સમ્યગ્દર્શન પ્રગટે છે. 'આપૂર્ણ આદ્યંતવિમુક્તં એકમ્'–આદિઅંતથી રહિત ને પોતાના ગુણ–પર્યાયોથી પરિપૂર્ણ એવા એક શુદ્ધ અભેદ આત્માને શુદ્ધનય દેખે છે, ને તે જ સમ્યગ્દર્શન છે. આવા શુદ્ધઆત્માને અનુભવમાં લેતાં જ સમસ્ત સંકલ્પ–વિકલ્પોની જાળ વિલય પામે છે– 'વિલીન સંકલ્પ–વિકલ્પજાલં' જેમાં કોઈ સંકલ્પ–વિકલ્પ નથી એવા પરિપૂર્ણ શુદ્ધ આત્મસ્વભાવને પરભાવોથી ભિન્ન એકપણે શુદ્ધનય પ્રકાશે છે ( પ્રકાશયન્ શુદ્ધનયોભ્યુદેતિ ) એટલે કે જ્ઞાનપર્યાય અંતર્મુખ થઈને અભેદપણે આવા આત્માને અનુભવે છે. જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે તેમાં આવો આત્મા અનુભવાય છે. આવી નિર્વિકલ્પ અનુભૂતિપૂર્વક સમ્યગ્દર્શન થાય છે.

જુઓ, આ કેવો આત્મા અનુભવમાં લેવાથી સમ્યગ્દર્શન થાય છે તેની વાત છે. બધાય સમ્યગ્દ્રષ્ટિ જીવો અંતરમાં આવા પોતાના આત્માને દેખે છે–અનુભવે છે; અને એ જ વીતરાગના ધર્મની શરૂઆત છે. આવા આત્માને શુદ્ધનયથી અનુભવમાં લીધા વગર વીતરાગના માર્ગની શરૂઆત થતી નથી.

## – 'આવો માર્ગ વીતરાગનો...ભાખ્યો શ્રી ભગવાન'

ભાઈ, વીતરાગભગવાને કહેલો વીતરાગમાર્ગ શું છે–તેની ઓળખાણ તો કર. શુદ્ધઆત્માને દેખવો–અનુભવવો તેને ભગવાને જિનશાસન કહ્યું છે. તે જિનની આજ્ઞા છે; તે જ સમ્યગ્દર્શનની રીત છે.

હે ભાઈ ! તારે સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે ને ? તો સન્તોની આ શિખામણ છે કે તારા આત્માને પરભાવોથી (દેહથી ને રાગથી) ભિન્ન, ને સ્વભાવથી પરિપૂર્ણ એકરૂપ અંતરમાં શુદ્ધનયવડે દેખ. રાગને સંકલ્પ–વિકલ્પને આત્મા તરીકે ન દેખ, તેનાથી આત્માને જુદો જાણ. પર્યાયના ભેદમાં પણ ન અટક. અખંડ શુદ્ધ આત્માને દેખ. એવા આત્માને દેખતાં અપૂર્વ આનંદના અનુભવ સહિત સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થશે.

જેને મોટો કિંમતી હીરો લેવો હોય તેણે તે હીરો ઓળખવો જોઈએ; હાથમાં કોલસો લઈને માને કે 'આ હીરો છે'–તો હીરો હાથમાં ન આવે; તેમ જેને 'ચૈતન્યહીરો' લેવો છે, જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે–તેણે રાગના ડાઘ વગરનો શુદ્ધ ચૈતન્ય હીરો કેવો છે તે ઓળખવો જોઈએ. રાગાદિ સંકલ્પવિકલ્પને અનુભવે અને એમ માને કે 'આવો આત્મા છે'–તો સાચો ચૈતન્યહીરો તેને ન મળે; ભેદના ને અશુદ્ધના અનુભવથી સમ્યગ્દર્શન ન થાય. જ્ઞાનદર્શનાદિ ગુણોના કે પર્યાયોના ભેદને ન દેખતાં પોતાના અનંત જ્ઞાનાદિ સ્વભાવોથી અભેદ એકરૂપ આત્માને સમ્યગ્દર્શન દેખે છે. અનંત ગુણોને અનંત ભેદના વિકલ્પરૂપે ન દેખતાં, એકાકાર એક વસ્તુને સહજ સ્વભાવરૂપે ધર્મી પોતાને અનુભવે છે, એટલે તે અનુભવમાં એકપણું પ્રકાશે છે.

જુઓ, આ સમ્યગ્દર્શનનો મંત્ર છે. શ્રી ગુરુઓએ સમ્યગ્દર્શન માટે ભવ્ય જીવોને આ શુદ્ધનયરૂપ મંત્ર આપ્યો છે; આ મંત્ર વડે જરૂર સમ્યગ્દર્શન થાય છે.

* સત્કાર્યોની અનુમોદના કરનાર તે સત્કાર્ય તરફ જશે. પણ સત્કાર્યોની ઈર્ષા કરનાર કદી સત્કાર્ય તરફ નહિ જાય.

* કોઈ ઈર્ષા કરે તેથી ગભરાઈને તારા સત્કાર્યને છોડીશ મા.

卐

# તીર્થંકરોનો પંથ

## ગુરુદેવ કહે છેઃ ધન્ય મારગ.....ને ધન્ય ધ્યેય

પ્રવચનસારની આ ૮૦–૮૧–૮૨ મી ગાથાના ભાવો ગુરુદેવને કેટલા પ્રિય છે, તે ગુરુદેવના પ્રમોદભરેલા ઉપરોક્ત ઉદ્ગારોથી ખ્યાલમાં આવે છે. ગુરુદેવ કહે છે કે ત્રણકાળના તીર્થંકરોએ સ્વાશ્રિત નિર્વાણમાર્ગ જે રીતે સાધ્યો ને જગતને પણ ઉપદેશ્યો, તે નિર્વાણમાર્ગ કુંદકુંદાચાર્યદેવે આ ગાથાઓમાં પ્રસિદ્ધ કર્યો છે. અહો! ધન્ય એ મારગ! ને ધન્ય ધ્યેયરૂપ શુદ્ધઆત્મા.

સંતો કહે છે કે આવા માર્ગમાં ને આવા ધ્યેયમાં અમારી મતિને વ્યવસ્થિત કરીને, અમે તે માર્ગને સાધી જ રહ્યા છીએ....મોક્ષને સાધવાનું કૃત્ય કરાય છે.

હે જીવો! તમે પણ મોક્ષને માટે આ જ માર્ગનો આશ્રય કરો....મોક્ષને માટે સર્વે તીર્થંકરોએ સેવેલો ને ઉપદેશેલો આ એક જ માર્ગ છે....બીજો માર્ગ નથી.

– 'આવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન.'

**અર્હન્ત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે;**
**ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત થયા; નમું તેમને.**

આચાર્યદેવ પ્રમોદથી કહે છે કે અહો, તે તીર્થંકરભગવંતોને નમસ્કાર હો–કે જેમણે શુદ્ધોપયોગવડે કર્મક્ષય થવાનો માર્ગ ઉપદેશ્યો અને પોતે તે જ માર્ગ સાધીને મુક્તિ પામ્યા. જુઓ, અહીં મોહક્ષયનો ઉપદેશ કરનારા અરિહંતોને નમસ્કાર કર્યા તેમાં પોતાની જવાબદારી છે, –એટલે કે પોતે પણ તેવા મોહક્ષયના માર્ગમાં શુદ્ધોપયોગવડે પરિણમી જ રહ્યા છે,–એવા ભાવનમસ્કાર છે. णमो अरिहंताणं ખરૂં

# ધન્ય તે મારગ.......ને ધન્ય ધ્યેય



ત્યારે કહેવાય કે જ્યારે અરિહંત જેવો પોતાનો શુદ્ધઆત્મા અનુભવમાં લ્યે. તેમ અહીં કહે છે કે અહો, જે આ શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગ છે તે જ સર્વે તીર્થંકરભગવંતોએ સેવેલો ને ઉપદેશેલો માર્ગ છે, અને અમે પણ શુદ્ધોપયોગ પ્રગટ કરીને તીર્થંકરોના તે જ માર્ગે જઈ રહ્યા છીએ. તીર્થંકરોનો અને અમારો એક જ માર્ગ છે; મોક્ષના બે માર્ગ નથી.

સાધકદશાનો કાળ અસંખ્ય સમયનો જ હોય; અત્યાર સુધીનો અનંતકાળ વીત્યો તેમાં અનંતા જીવો સાધક થઈને મોક્ષ પામ્યા. તેમાં અનંતાજીવો તીર્થંકર પણ થયા. એ બધાય જીવો કઈ રીતે મોક્ષ પામ્યા? ને કેવો ઉપદેશ આપ્યો? તો કહે છે કે અરિહંતો જેવા પોતાના શુદ્ધાત્માની ઓળખાણવડે પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરીને, અને પછી શુદ્ધોપયોગવડે તેમાં લીનતા વડે રાગદ્વેષનો ક્ષય કરીને, સર્વે અરિહંતોએ મુક્તિ પ્રાપ્ત કરી, અને દિવ્યધ્વનિવડે સમવસરણમાં શ્રોતાજનોને પણ બધાય તીર્થંકરોએ એ જ ઉપદેશ આપ્યો. અહો, આવો ઉત્તમ માર્ગ ભગવંતોએ બતાવ્યો. તેમને નમસ્કાર હો.

જુઓ, અનંતા તીર્થંકરોએ શું કર્યું ને શું કહ્યું–તે વાત આચાર્યભગવાને અહીં પ્રસિદ્ધ કરી.

પ્રશ્નઃ– કુંદકુંદાચાર્ય તો હમણાં બે હજાર વર્ષ પહેલાં થયા, ને એ વખતે તો પંચમકાળ હતો, અહીં કોઈ તીર્થંકર તો ન હતા;–તો બધાય તીર્થંકરોએ શું કર્યું ને શું કહ્યું–તે વાતની તેમને કેવી રીતે ખબર પડી?

ઉત્તરઃ– એક તો તેમણે વિદેહક્ષેત્રે બિરાજમાન તીર્થંકર શ્રી સીમંધર ભગવાનના દર્શન સાક્ષાત્ કર્યા હતા, તેમની વાણી પણ સાક્ષાત્ સાંભળી હતી; બીજું પોતાના આત્મામાં શુદ્ધોપયોગરૂપ નિજવૈભવવડે તેમણે અંતરમાં મોક્ષમાર્ગ સાક્ષાત્ અનુભવ્યો હતો. તે અનુભવેલા માર્ગની નિઃશંકતાથી કહે છે કે મોક્ષનો માર્ગ ત્રણે કાળે આવો જ છે, ત્રણેકાળના જીવોને માટે આ એક જ મોક્ષમાર્ગ છે, બીજો માર્ગ નથી.

ભગવાને જે મોક્ષમાર્ગ ઉપદેશ્યો તે કોઈ કલ્પનાથી નથી ઉપદેશ્યો, પણ પોતે જાતે અનુભવેલો માર્ગ ઉપદેશ્યો છે; જે માર્ગે પોતે મોક્ષ સાધ્યો તે જ માર્ગ ઉપદેશ્યો. એ જ રીતે (આચાર્યદેવ કહે છે કે) અમે પણ સ્વાનુભવથી તે માર્ગ જોયો છે; અંતરમાં દેખેલો ને અનુભવેલો તે માર્ગ અમે અહીં પ્રસિદ્ધ કર્યો છે. અહો, આ માર્ગ કોઈ સાધારણ નથી; આ તો અનંતા તીર્થંકરો–કેવળીભગવંતોએ સેવેલો ને ઉપદેશેલો માર્ગ છે, ચાર જ્ઞાનધારક ગણધરોએ જે ઝીલ્યો છે, ઇન્દ્રો અને ચક્રવર્તીઓ અત્યંત ભક્તિથી જે માર્ગને આદરે છે; સર્વે મુમુક્ષુઓને માટે ત્રણેકાળે આ એક જ મોક્ષમાર્ગ છે.

**(ગુરુદેવ કહે છે-વાહ, ધન્ય એ માર્ગ!)**

અહા, અનંતા તીર્થંકરભગવંતો જેના જ્ઞાનમાં બેઠા, તેનું જ્ઞાન તો રાગથી છૂટું પડીને મોક્ષ તરફ ચાલ્યું, હવે તે જ્ઞાનમાં અનંત ભવ કરવાનું હોય જ નહિ; જે જ્ઞાનમાં ભવરહિત ભગવાનની પ્રતીત બેઠી તે જ્ઞાનમાં 'મારે અનંતભવ હશે' એવી શંકા હોય નહિ, તેને અલ્પભવ જ હોય, ને ભગવાનના જ્ઞાનમાં પણ એમ જ દેખાય.

અરે, જગતને કેવળજ્ઞાનની ખબર નથી; કેવળજ્ઞાનને પ્રતીતમાં લેનારા મતિશ્રુતજ્ઞાનની કેટલી તાકાત છે તેની પણ ખબર નથી. એ મતિશ્રુતજ્ઞાન તો કેવળજ્ઞાનની જાતના થયા, કેવળજ્ઞાનને ભવ હોય તો એને ભવ હોય! એ તો ભવથી ને ભવના કારણથી (–રાગથી) જુદું પડીને મોક્ષનું સાધક થયું, વીતરાગવિજ્ઞાન થયું. કેવળજ્ઞાન તે પૂર્ણ વીતરાગવિજ્ઞાન જ છે, ને આ સાધકનું જ્ઞાન ભલે અલ્પ હોય છતાં તે પણ વીતરાગવિજ્ઞાન જ છે. આવા જ્ઞાનમાં જ સર્વજ્ઞની સાચી પ્રતીત થઈ છે.

"અનંતા તીર્થંકરો થઈ ગયા, અનંતા થશે" એવો સ્વીકાર કરનાર જ્ઞાનની તાકાત કેટલી? રાગમાં અટકેલું જ્ઞાન તે નહિ કબુલી શકે, કેમકે તે તો અરિહંતને ઓળખતું જ નથી. અરિહંતને ઓળખતાં શુદ્ધઆત્મા ઓળખાય; અને જે જ્ઞાને

અંતર્મુખ થઈને શુદ્ધાત્માને ઓળખ્યો તે જ્ઞાન જ પૂર્ણ શુદ્ધતાને પામેલા અનંતા તીર્થંકરોનો યથાર્થ સ્વીકાર કરી શકે.

ભગવાન મોક્ષ પામ્યા છે ને ભગવાનની વાણી મોક્ષમાર્ગ દેખાડનારી છે. ભગવાનનો ઉપદેશ મોક્ષમાર્ગને જ પોષનારો છે. શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગ–તેનો જ ઉપદેશ ભગવાને કર્યો છે. –ચારે અનુયોગના ઉપદેશમાં આવું જ તાત્પર્ય છે. તેને બદલે રાગને મોક્ષનું સાધન મનાવવાનો આશય જે કાઢે તે જીવ ભગવાનના ઉપદેશને સમજ્યો જ નથી, ભગવાનને તેણે ઓળખ્યા નથી, ભગવાન કેવા માર્ગે મોક્ષ પામ્યા તેની તેને ખબર નથી. ને ભગવાને કેવો માર્ગ બતાવ્યો તેની પણ તેને ખબર નથી. અહીં તો આચાર્યદેવ પોતે મોક્ષમાર્ગને અનુભવીને કહે છે કે આવો જ માર્ગ બધાય ભગવંતોએ સેવ્યો છે, ને ઉપદેશમાં પણ આવો જ માર્ગ બતાવ્યો છે.

**“આવો માર્ગ વીતરાગનો.....ભાખ્યો શ્રી ભગવાન”**

આવો છે તીર્થંકરોનો માર્ગ!

ધન્ય એ માર્ગ!

નમસ્કાર હો એ માર્ગને...અને તેના પ્રણેતા ભગવંતોને!

ચાલો જઈએ...આપણે પણ એ ભગવંતોના મારગે.

**“અમે તો જિનવરનાં સન્તાન...જિનવરપંથે વિચરશું”**

## “સોનાનો ભાવ શું?”

એક દિવસ ચર્ચાની શરૂઆતમાં ગુરુદેવે કહ્યું–મારે એક પ્રશ્ન પૂછવો છે!

સભાજનો આશ્ચર્યથી પ્રશ્ન સાંભળવા આતૂર બન્યા, કે ગુરુદેવ શું પૂછશે?

ત્યાં તો ગુરુદેવે પૂછયું–‘સોનાનો ભાવ શું છે?’

ઘડીભર તો સૌ વિચારમાં પડી ગયા.

તમેય વિચારમાં પડી ગયા છો?–તો

‘સોનાનો ભાવ’ જાણવા માટે જુઓ પાનું : ૨૫

# જૈનશાસનનો આત્મા

આત્મા કેવડો ?
અનંતગુણ જેવડો...
ગુણ કેવડો ?
અનંતી પૂર્ણ નિર્મળપર્યાય પ્રગટે એવડો.

જ્ઞાનની પૂર્ણપર્યાય કેવળજ્ઞાન, એવી અનંત કેવળજ્ઞાન પર્યાયો થવાનું સામર્થ્ય એક જ્ઞાનગુણમાં.

ચારિત્રની પૂર્ણપર્યાય વીતરાગતા, એવી અનંત વીતરાગપર્યાયો થવાનું સામર્થ્ય એક ચારિત્રગુણમાં.

આમ ચારિત્રની વીતરાગતા અને જ્ઞાનની વિજ્ઞાનતા,–એમ બે ગુણથી જ આત્માને વીતરાગવિજ્ઞાનપણું પ્રાપ્ત છે, ને તેનાથી આત્માને પૂજ્યતા–મહાનતા–મંગળપણું છે. (મંગલમય મંગલકરણ વીતરાગવિજ્ઞાન,–) (તીનભુવનમેં સાર વીતરાગવિજ્ઞાનતા) જ્યાં ચારિત્ર અને જ્ઞાન એ બે ગુણની અવસ્થાથી પણ આત્માને આવી વીતરાગ–વિજ્ઞાનતા પ્રાપ્ત છે, ત્યાં અનંતગુણો ને તેની અનંતી નિર્મળપર્યાયોવડે આત્માની મહાનતાની તો શી વાત!

આવા અનંત મહિમાવંત વીતરાગવિજ્ઞાનઘન આત્માનો અનુભવ તે જૈનશાસન છે. આવડો મોટો આત્મા તે જૈનશાસનનો આત્મા છે.

જે જ્ઞાનમાં આવા આત્માનો અનુભવ થયો તે અંતર્મુખજ્ઞાન (ભાવશ્રુત) પોતે જિનશાસન છે. તે ભાવશ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે, તે આત્મા સાથે અભેદ છે માટે તે આત્મા જ છે. આવા આત્માની અનુભૂતિ જે જૈનશાસનની અનુભૂતિ; અને તે જ મોક્ષમાર્ગ.

ભાઈ! તારો આત્મા, તું પોતે આવો છે....અચિંત્ય ગંભીરતા તારા સ્વભાવમાં ભરેલી છે. તેને અંતરમાં લક્ષગત કર....તો તને જૈનશાસન સમજાય. આવા આત્માને પોતાના અંતરમાં લક્ષમાં લીધા વગર જૈનશાસન સમજાય નહિ. અહો! શુદ્ધ આત્માના અનુભવમાં આખું જૈનશાસન સમાઈ જાય છે.

જય હો...આવા જૈનશાસનનો!
નમસ્કાર હો...આવું જૈનશાસન દેખાડનારા વીતરાગવિજ્ઞાની સંતોને.

# સોનાનો ભાવ

કારતક વદ ચોથે રાત્રે તત્ત્વચર્ચા વખતે ગુરુદેવે પૂછ્યું ‘સોનાનો ભાવ શું ?’

શ્રોતાએ જવાબ આપ્યો–સોનાનો ભાવ હમણાં શું ચાલે છે તે ખબર નથી.

બીજા ભાઈ કહે કે આજે છાપામાં ભાવ વાંચ્યા નથી.

ગુરુદેવ કહે–સોનાનો ભાવ તો સોનામાં હોય, સોનાનો ભાવ કાંઈ સોનાથી જુદો ન હોય.

સોનાનાં રજકણોમાં જે વર્ણ–ગંધ–રસ–સ્પર્શ છે તે જ સોનાનો ભાવ છે. ભાવ એટલે વસ્તુના ગુણ.

જેમ આત્માનો ભાવ શું ? કે જ્ઞાન–દર્શન–ચારિત્ર વગેરે અનંતગુણો તે જ આત્માનો ભાવ છે. અરે, તારા આત્માનો ભાવ શું તેની પણ તને ખબર નથી ?

દરેક વસ્તુના ગુણ તે જ તેનો સ્વભાવ છે.

આત્માનો ભાવ તો અનંત જ્ઞાનાદિરૂપ ત્રિકાળ છે. ક્ષણિક રાગાદિ વિકાર તે આત્માનો ખરો ભાવ નથી, તે રાગભાવવડે આત્માની ખરી કિંમત અંકાતી નથી. વસ્તુને તેના સાચા ભાવવડે ઓળખવી જોઈએ.

જેમ લાખ રૂા. ની કિંમતનો હીરો હોય ને તેની કિંમત પાંચ પૈસા ટાંકે–તો તેને હીરાના ભાવની ખબર નથી. તેમ ચૈતન્યહીરો અનંત જ્ઞાનસમ્પન્ન, તેની કિંમત રાગ જેટલી ટાંકે તો તેને ચૈતન્યહીરાના સાચા ભાવની ખબર નથી; આત્માનો ભાવ, આત્માનો ગુણ તેણે જાણ્યો નથી. વસ્તુનો ‘ભાવ’ જાણ્યા વગર વસ્તુની પ્રાપ્તિ થાય નહિ.

દરેક વસ્તુમાં પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ હોય છે, ને તેનાવડે તે વસ્તુ ઓળખાય છે.

આત્મા ગુણ પર્યાયને ધારણ કરનાર દ્રવ્ય છે.

અસંખ્ય અરૂપી–ચૈતન્યપ્રદેશ તે તેનું ક્ષેત્ર છે.

વર્તમાન જે પર્યાયમાં તે વર્તે છે તે તેનો કાળ છે.

જ્ઞાનાદિ જે અનંતગુણો તે આત્માનો ભાવ છે.

આ રીતે "સોનાના ભાવ" ના દૃષ્ટાન્તે ગુરુદેવે આત્માના ભાવ સમજાવ્યા હતા.

* * *

ઘણીવાર લોકો કહે છે કે કોઈ અમારો ભાવ પૂછતું નથી!

પણ ભાઈ! તેં પોતે કદી તારો 'ભાવ' પૂછયો છે? તારો પોતાનો 'ભાવ' શું છે તેની તને ખબર છે? હજી તને જ તારા ભાવની ખબર નથી,–પહેલાં તું તો તારા ભાવને જાણ. બીજા ભલે પૂછે કે ન પૂછે, પણ તારો ભાવ તો તારામાં છે. અનંત જ્ઞાન–દર્શન–આનંદના ભાવો તારામાં ભર્યા છે–તેનો અપાર મહિમા છે. જડભાવથી જુદો ને રાગભાવથી પણ જુદો, પરમ આનંદથી ભરેલો તારો ચૈતન્યભાવ છે.–એ જ તારો સાચો ભાવ છે.

પુણ્યવડે શુભરાગવડે તું આત્મા લેવા માંગીશ, તો તે ખોટો ભાવ છે, આત્માનો તે સાચો ભાવ નથી.

જ્ઞાનરૂપ ભાવ તે જ આત્માનો સાચો ભાવ છે, તે ભાવદ્વારા આત્માની પ્રાપ્તિ (અનુભવ) થાય છે.

આવા તારા આત્મભાવને તું જાણ!

## અમર થવાની સહેલી રીત

તમારે અમર થવું છે?...................હા.

તો, જે કોઈ નાશવંત–મૃત્યુ પામનાર પદાર્થો છે તેનાથી તમારી ભિન્નતા જાણો....બસ, પછી તમારું મૃત્યુ કદી નહિ થાય. અમરપણું પ્રાપ્ત થઈ જશે.–કેમકે

આત્મા તો અમર છે, ને જે મરે છે તે આત્મા નથી. બાકી, મરે એવી વસ્તુ સાથે જો મિત્રતા રાખશો તો તમે અમર ક્યાંથી થઈ શકશો?

卐

# 卐 સાચું સુખ ને તેનું સાચું સાધન 卐

## (પ્રવચનસાર ગાથા ૬૯-૭૦)

* શુદ્ધોપયોગ તે તો જ્ઞાનથી અને સુખથી અવિરુદ્ધ છે. પણ શુભરાગ તે તો જ્ઞાનથી અને સુખથી વિરુદ્ધ છે. માટે અતીન્દ્રિય સુખના અભિલાષી જીવે શુભરાગ છોડવા યોગ્ય છે અને શુદ્ધોપયોગ જ અંગીકાર કરવા યોગ્ય છે.

* શુભોપયોગનું સાધ્ય તો ઇન્દ્રિયસુખ છે, ઇન્દ્રિયસુખ કહો કે સંસાર કહો; તે શુભોપયોગવડે સધાય છે, પણ શુભોપયોગ વડે કાંઈ સાચું સુખ કે મોક્ષ નથી સધાતો. મોક્ષ તો શુદ્ધોપયોગ વડે જ સધાય છે. શુદ્ધોપયોગનું સાધ્ય અતીન્દ્રિય સુખરૂપ મોક્ષ; અને શુભોપયોગનું સાધ્ય ઇન્દ્રિયસુખરૂપ સંસાર.

* કોઈ કહે કે-વીતરાગી દેવ-ગુરુની ભક્તિના શુભરાગમાં અમારો હેતુ તો મોક્ષનો છે! તો કહે છે કે ભાઈ! રાગ કદી મોક્ષનો હેતુ થઈ શકતો નથી. શુભ રાગને હેતુ બનાવીને તેના વડે મોક્ષ સાધવા માંગે તેને મોક્ષના સાચા હેતુની ખબર નથી. રાગને મોક્ષનો હેતુ માનતાં મોક્ષની ને માર્ગની શ્રદ્ધામાં વિપરીતતા થાય છે. મોક્ષનું સાચું કારણ તો રાગ વગરનો શુદ્ધ ઉપયોગ જ છે, તેને ઓળખે તો જ મોક્ષની ને તેના માર્ગની સાચી શ્રદ્ધા થાય.

* અરે, હજી તો મોક્ષનો સાચો હેતુ શું છે તેને પણ જીવો ઓળખતા નથી. આચાર્યદેવ કહે છે કે ભાઈ! જે શુભને તું અજ્ઞાનથી મોક્ષનું સાધન માને છે તે શુભ વડે તો ઇન્દ્રિયસુખની સામગ્રી સધાય છે, કાંઈ મોક્ષ કે અતીન્દ્રિયસુખ તેના વડે સધાતું નથી. મોક્ષનું પરમસુખ શુદ્ધોપયોગ વડે જ સધાય છે. આ રીતે સાચા સાધનને ઓળખ્યા વગર સાધ્યની સિદ્ધિ થાય નહિ.

* મોક્ષના સાચા સાધનને ઓળખ્યા વગર, બહારના બીજા કલ્પિત સાધનો અનંત વાર જીવે કર્યા, પણ તેનાથી જરાય સુખ ન સધાયું, તેનાથી માત્ર બહારની અનુકૂળ સામગ્રી મળી એટલે કે ઇન્દ્રિયવિષયો મળ્યા ને તેમાં સુખ માનીને સંસારમાં જ જીવ રખડયો. અનુકૂળ વિષયો તરફનું વલણ તે પણ દુઃખ જ છે. જગત જેને સુખ કલ્પે છે એવું ઇન્દ્રિયસુખ તે ખરેખર તો દુઃખ જ છે. સ્વસન્મુખ થઈને ચૈતન્યની પરમ શાંતિનું વેદન તે જ સાચું સુખ છે, ને તેની પ્રાપ્તિ શુદ્ધોપયોગ વડે જ થાય છે.

# મોહની સેનાને કઈ રીતે જીતવી?

( પ્રવચનસાર ગાથા ૮૦ ના પ્રવચનમાંથી )

ગુરુદેવને અત્યંત પ્રિય એવી ૮૦–૮૧–૮૨મી ગાથા જ્યારે પ્રવચનમાં વંચાતી હોય ત્યારે, અનંતા તીર્થંકરોના સ્વાશ્રયરૂપ ઉપદેશનો ધોધ જાણે એક સાથે સંભળાતો હોય એમ અતિશય પ્રમોદથી તેઓ ખીલી ઊઠે છે...અને ગુરુદેવના શ્રીમુખથી તે સાંભળતાં એવા ભાવ ઉલ્લસે છે કે વાહ! અરિહંતદેવનો આવો સુંદર માર્ગ! તે મને પ્રાપ્ત થયો. અરિહંતોના આ માર્ગમાં મોહને જીતવો સાવ સુગમ છે. અરિહંતભગવાન–કે જેમણે શુદ્ધોપયોગના બળવડે મોહને જીતી લીધો છે ને આત્માની પૂર્ણ શુદ્ધતા પ્રગટ કરી છે, તેમને આદર્શરૂપ બતાવીને ૮૦મી ગાથામાં આચાર્યદેવ કહે છે કે આવા અરિહંત ભગવાનના દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખતાં તારા આત્માનું શુદ્ધસ્વરૂપ પણ ઓળખાશે, કેમકે આત્માનું પરમાર્થસ્વરૂપ અરિહંત જેવું જ છે. જેણે સંસારની ચાર ગતિમાં ન અવતરવું હોય, ને અરિહંતપણે અવતરવું હોય, સર્વજ્ઞદશાપણે ઊપજવું હોય, તેઓ અરિહંત જેવા જ નિજસ્વરૂપને ઓળખીને તેમાં પર્યાયને અંતર્મગ્ન કરો.–આમ કરવાથી સમ્યગ્દર્શનાદિ થશે, ને મોહને જીતાશે. અરિહંતોના માર્ગને અનુસરવાની આ રીત છે; ને આ જ સાચું णमो अरिहंताणं છે.

*

જે જાણતો અર્હંતને ગુણ દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.

*
જેવા
અરિહંત
તેવો જ
હું
卐



*
અરિહંતને
જાણતાં
આત્મા
જણાયછે.
卐

ભગવાન અરિહંતદેવની સાથે મેળવીને આત્માનું સ્વરૂપ સમજાવે છે. અરિહંત જેવું શુદ્ધ આત્માનું સ્વરૂપ જાણતાં જીવને જરૂર સમ્યગ્દર્શન થાય છે ને મોહનો ક્ષય થાય છે.

'णमो अरिहंताणं' સાચું ક્યારે કહેવાય? કે અરિહંતદેવ જેવા પોતાના શુદ્ધ આત્માને જાણે ત્યારે.

પરમાર્થે આ આત્મા અરિહંતભગવાન જેવો જ છે, બંનેના શુદ્ધસ્વરૂપમાં કાંઈ ફેર નથી. એટલે અરિહંતને જાણતાં પોતાનો શુદ્ધ આત્મા પણ જણાય છે.

અરિહંતનું સ્વરૂપ ઓળખે નહિ, આત્માનું શુદ્ધસ્વરૂપ ઓળખે નહિ,–તો તેણે અરિહંતને નમસ્કાર કઈ રીતે કર્યા?

અરિહંત તો શુદ્ધઆત્મા છે. તેનું દ્રવ્ય શુદ્ધ ચેતનારૂપ, તેના ગુણ શુદ્ધ ચૈતન્યરૂપ, અને તેની પર્યાય પણ શુદ્ધ ચેતનારૂપ,–તેમના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં ક્યાંય રાગ નથી, આવા સર્વ પ્રકારે શુદ્ધ અરિહંતના આત્માને જાણતાં જીવ પોતાના આત્મામાં પણ રાગથી ભિન્ન શુદ્ધચૈતન્યસ્વરૂપને જરૂર ઓળખી લ્યે છે. ને આવી ઓળખાણ થતાં પર્યાય અંતર્લીન થઈને સમ્યગ્દર્શન થાય છે; પછી તેને મિથ્યાત્વ રહેતું નથી. પર્યાય તો અંતરમાં શુદ્ધઆત્મા તરફ વળી ગઈ પછી મોહ શેમાં રહે? આ રીતે મોહની સેના જીતાય છે.

* અરિહંતને રાગ છે?..........ના;

તો મારા શુદ્ધસ્વરૂપમાં પણ રાગ નથી.

*અરિહંતને પૂરું જ્ઞાન ને વીતરાગતા છે.

તો મારું સ્વરૂપ પણ કેવળજ્ઞાન ને વીતરાગતા છે.

* જે અરિહંતના આત્મામાં છે તે જ મારું સ્વરૂપ છે.

* જે અરિહંતમાં નથી તે મારું સ્વરૂપ પણ નથી.

–આ પ્રમાણે અરિહંતનો આદર્શ લઈને જીવ પોતાના શુદ્ધસ્વરૂપને ઓળખે છે.

જેમ वंदित्तु सव्वसिद्धे દ્વારા સિદ્ધ ભગવાનને સાધ્યરૂપે આત્મામાં સ્થાપ્યા એટલે કે જેવા સિદ્ધ તેવો હું–એમ સિદ્ધસમાન પોતાનું શુદ્ધસ્વરૂપ ઓળખી લીધું, ને સાધકભાવ શરૂ થયો.

તેમ અહીં અરિહંતદેવના સ્વરૂપની ઓળખાણ દ્વારા, તેમના જેવો જ પોતાનો શુદ્ધઆત્મા છે–એમ નિર્ણય કરતાં સમ્યગ્દર્શન થાય છે, ને મોહનો ક્ષય થાય છે.

અહા, કુંદકુંદાચાર્યદેવની શૈલી જ કોઈ અપૂર્વ અલૌકિક છે. ચારેકોરથી વાત કરીને અંદર શુદ્ધઆત્મામાં લઈ જાય છે.

દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ આત્મા વસ્તુ છે. અરિહંત ભગવાનને તે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેય શુદ્ધ છે; તેને જે ખરેખર જાણે છે, એટલે કે શરીરવડે કે સમવસરણાદિ વિભૂતિવડે નહિ પણ તેમના દ્રવ્ય–ગુણ–પર્યાય વડે અરિહંતદેવનું સ્વરૂપ જાણે છે, તે શુદ્ધઆત્માનું સ્વરૂપ જાણે છે એટલે ખરેખર પોતાના આત્માનું પરમાર્થ સ્વરૂપ તે જાણી લ્યે છે;–કેમકે આ આત્માનું પરમાર્થ સ્વરૂપ પણ અરિહંત જેવું જ છે, તેમાં કાંઈ તફાવત નથી; માટે એકનું સ્વરૂપ જાણતાં બીજાનું સ્વરૂપ પણ જણાઈ જાય છે. આવું સ્વરૂપ જાણ્યા વગર શુદ્ધ ઉપયોગ થઈ શકે નહિ. આવું શુદ્ધ સ્વરૂપ સમજે તો જ શુદ્ધોપયોગ થાય, ને તો જ મોહનો ક્ષય થાય.–આવા ઉપાયથી જ તીર્થંકરો મોહક્ષય કરીને મુક્તિ પામ્યા છે, ને આવો જ ઉપદેશ જગતને ઉપદેશ્યો છે.

પોતાનો આત્મા અરિહંત જેવો શુદ્ધ જાણ્યો એટલે હવે અરિહંતદેવ જેવી પૂર્ણ દશા પ્રગટ કરવા માટે સ્વસન્મુખ પોતાના આત્મામાં જ જોવાનું રહ્યું, કેમકે પોતાનો પૂર્ણ આત્મા છે તેમાંથી જ પોતાની પૂર્ણ પર્યાય આવે છે, બહારથી નથી આવતી; રાગમાંથી નથી આવતી; અરિહંતમાં રાગાદિ પરભાવો નથી, એટલે અરિહંત જેવો પોતાને જાણતાં પોતામાં પણ રાગાદિ પરભાવોનું કર્તૃત્વ ન રહ્યું. સાધક થઈને તે પણ સર્વજ્ઞપદ લેવા તરફ ચાલ્યો.

આચાર્યદેવ કહે છે કે આ રીતે શુદ્ધાત્માને પ્રતીતમાં લઈને મોહ ઉપર વિજય મેળવવા માટે મેં કમર કસી છે. જેમ બહાદુર પુરુષ શત્રુને જીતવા માટે કમર કસે તેમ

મોહને મૂળમાંથી ઉખેડીને શુદ્ધ આત્માની પ્રાપ્તિ કરવા માટે મુમુક્ષુએ સર્વ ઉદ્યમથી કટિબદ્ધ થઈને કમર કસી છે...હવે તેની પર્યાયમાં મોહ ટકી શકે નહિ. મોહને જીતવાની આ રીત ચાલે છે.

દ્રવ્ય–ગુણ–પર્યાયથી આત્માને જાણનાર ધર્મી વિચારે છે કે વર્તમાન પર્યાયમાં મને અરિહંત જેવું કેવળજ્ઞાન જોકે પ્રગટ નથી પણ દ્રવ્ય–ગુણમાં શક્તિપણે તો હું અરિહંત જેવો જ પરિપૂર્ણ છું, મારા પૂર્ણસ્વભાવના અવલંબને મારી પર્યાય પણ પૂર્ણ શુદ્ધ અરિહંત જેવી જ થઈ જશે. આમ સ્વશક્તિનો નિર્ણય કરીને અંતરસ્વભાવમાં ઝંપલાવે છે, એટલે કે પર્યાયને દ્રવ્યસ્વભાવમાં એકાગ્ર કરે છે ત્યાં તત્ક્ષણ શુદ્ધોપયોગ વડે મોહનો નાશ થઈને અપૂર્વ સમ્યગ્દર્શન થાય છે. અનંતા જીવો આ રીતે સમ્યગ્દર્શન કરીને, મોહનો ક્ષય કરીને, મોક્ષ પામ્યા છે. અનંતા તીર્થંકરોએ આવો જ મોહક્ષયનો ઉપદેશ આપ્યો છે.

અહા, દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ વસ્તુસ્વરૂપનો અલૌકિક ઉપદેશ અરિહંતદેવના શાસનમાં જ છે,–તેને જાણતાં મોહનો નાશ થાય છે. સમ્યગ્દર્શનનો ઉદ્યમ કરનાર જીવ પહેલાં તો દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ નિજઆત્માને મનવડે ઓળખી લ્યે છે,–હજી સાથે વિકલ્પ છે એટલે કહ્યું કે મનવડે જાણી લ્યે છે; હજી સાક્ષાત્ નિર્વિકલ્પ થઈને નથી જાણ્યું પણ જ્ઞાન સાથે હજી વિકલ્પ છે. આટલો નિર્ણય કરીને પછી અંતરસ્વભાવમાં ઝૂકે છે ને ત્યારે સમ્યગ્દર્શન થાય છે.

શરીરની ક્રિયાવાળો કે રાગવાળો આત્મા માનતો તે વાત તો ક્યાંય છૂટી ગઈ; અલ્પજ્ઞ જેટલો છું એવી બુદ્ધિ પણ ન રહી; હવે તો સામે અરિહંતનું પૂર્ણસ્વરૂપ લક્ષમાં લઈને તેની સાથે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયને સરખાવીને આત્મસ્વરૂપને નિર્ણયમાં લીધું છે–"આવો નિર્ણય તે સમ્યગ્દર્શનની ભૂમિકા છે." મારું દ્રવ્ય કેવું ? કે અરિહંત ભગવાન જેવું ચૈતન્યમય મારું દ્રવ્ય છે; મારા ગુણો કેવા ? કે અન્વયરૂપ કાયમ રહેનારા ચૈતન્યરૂપ ગુણો છે; અને વ્યતિરેકરૂપ જે ચૈતન્યપરિણમન તે પર્યાયો છે. જ્ઞાનની પર્યાયો જ્ઞાનરૂપ છે. આમ જ્ઞાનમય પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણતાં સ્વસન્મુખપરિણતિ થાય છે, દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ આત્માને એક કાળે જ જાણી લેતો તે જીવ અંતર ચેતનસ્વભાવમાં જ પર્યાયને લીન કરે છે, ત્યાં ગુણગુણી ભેદની વાસના પણ રહેતી નથી. ગુણભેદ ને પર્યાયભેદ બંનેનું લક્ષ છોડીને એકલા આત્માને જ અનુભવે છે. આવા અનુભવકાળમાં સમ્યગ્દર્શન થાય છે.

દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેને જાણ્યા ખરા, ત્રણેને જાણીને પોતાનું સ્વરૂપ અરિહંત જેવું છે તેનો નિર્ણય કર્યો, પણ પછી દ્રવ્ય–ગુણ–પર્યાય એવા ત્રણ ભેદના વિકલ્પમાં નથી ઊભો રહેતો, પણ ગુણ–પર્યાયોને અંદર સંકેલીને અભેદ આત્માને જાણે છે; ત્યાં નિર્વિકલ્પ ચૈતન્યસ્વભાવના અનુભવ સહિત સમ્યગ્દર્શન થાય છે.

અહીં મોતીના હારનું દ્રષ્ટાંત આપીને સમ્યગ્દર્શનની રીત સમજાવી છે. સમ્યગ્દર્શન પામેલા જીવો તે પામવાની રીત સમજાવે છે. સમ્યગ્દર્શનનો આ અફર ઉપાય છે. આ ઉપાય વડે સમ્યગ્દર્શન થાય જ.

જેમ ઊંચા મોતીનો સાચો હાર લેવો હોય, તે હાર લેનાર પ્રથમ તો તેના મોતી વગેરેનો વિચાર કરે છે. હારમાં મોતી કેટલા, તેની કિંમત કેટલી, કેટલો કાળ તે ટકશે, તેની ચમક કેવી છે,–એ બધા પડખાંનો વિચાર હારનું સ્વરૂપ નક્કી કરવા માટે કરે છે, પણ પછી હાર ખરીદ કરીને, જ્યારે તે પહેરે છે ત્યારે મોતી વગેરેના વિચારને છોડીને કેવળ હાર પહેર્યાનું સુખ ભોગવે છે; તેમ ચૈતન્યના ચિંતામણિનો સાચો હાર એવો આ આત્મા; તેનો જે અનુભવ કરવા માંગે છે તે જીવ પ્રથમ તો તેનાં ગુણો તથા પર્યાયોનો વિચાર કરે છે; મારું દ્રવ્ય કેવું ? કે અરિહંત ભગવાન જેવું; જડથી ભિન્ન, રાગથી ભિન્ન; મારામાં ગુણો કેટલા ? તે ગુણોનું કાર્ય શું ? તેનો કાળ કેટલો ? કે ત્રિકાળ. તેનું પરિણમન તે પર્યાય. આમ દ્રવ્ય–ગુણ–પર્યાયના બધા પડખાંનો વિચાર કરીને આત્માનું સ્વરૂપ નક્કી કરે છે. પણ પછી તેના વિચારમાં જ રોકાઈ રહેતો નથી, પરંતુ પર્યાયોને આત્મામાં જ અંતર્ગત કરીને સમાવી દે છે, ને ગુણોના ભેદનું પણ લક્ષ છોડીને, એક અભેદરૂપ આત્માને શુદ્ધપણે અનુભવમાં લ્યે છે, ત્યારે તો તે અનુભવનો આનંદ જ છે; ભેદના વિકલ્પો તે વખતે નથી. આવી દશા થાય ત્યારે સમ્યગ્દર્શન થયું કહેવાય; ત્યારે મોહનો નાશ થાય છે.–આ મોહને જીતવાની રીત છે.

આચાર્યદેવ કહે છે કે મોહની સેનાને જીતવાનો આવો ઉપાય મેં મેળવ્યો છે. પોતાને સમ્યગ્દર્શન થયું છે–એમ પોતે નિઃશંક જાણે છે. આ રીતે પોતે સમ્યગ્દર્શન પ્રગટ કરીને જગત સમક્ષ તેનો ઉપાય ખુલ્લો કર્યો છે; સન્તોએ શુદ્ધાત્માના અનુભવની રીત બતાવીને જગત ઉપર મોટો ઉપકાર કર્યો છે...મોક્ષમાર્ગને જીવંત રાખ્યો છે.

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

## ( નાના-મોટા સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

* નિજાનંદ ભાઈ–મુંબઈઃ ગુરુદેવ સાથે થયેલ યાત્રાની નોંધ આપે તૈયાર કરેલ છે તે બદલ ધન્યવાદ! તે અહીં જોવા મોકલશો એટલે યોગ્ય કરીશું. અંજલિ અંક બાબત મુંબઈના બાલવિભાગના પ્રતિનિધિઓનો સંપર્ક સાધશો.

* મુંબઈથી બલુભાઈ ચુનીલાલ શાહ (જેમણે હમણાં મલાડમાં જિનમંદિરનું શિલાન્યાસ કર્યું) તેઓ પ્રમોદથી લખે છે કે "આત્મધર્મમાં પુનરાવર્તનરૂપ પરીક્ષાનો વિભાગ શરૂ કર્યો તે માટે ધન્યવાદ! વાંચકવર્ગ શું વાંચી ગયો, કેટલું પચાવી ચિંતન કર્યું તેની સુંદર કસોટી મુકી છે. વાંચેલું ફરી સુંદર રીતે ઘૂંટાય છે. દિનપ્રતિદિન જે ઉચ્ચજ્ઞાન આત્મધર્મ આપી રહ્યું છે ને સુંદર વાંચન પીરસાઈ રહ્યું છે તે એટલું હૃદયગમ્ય છે કે બીજી નકલ ક્યારે આવે એવી અધીરાઈ વાંચક વર્ગને ઉદ્‌ભવે છે." (આ વિભાગમાં બીજા કેટલાય જિજ્ઞાસુઓએ રસ બતાવ્યો છે ને ઉત્સાહથી ભાગ લીધો છે.)

* જોરાવરનગરથી સુરેશ અને વિલાબેન લખે છે કે–"કારતકનું આત્મધર્મ અને તેમાં 'બે સખીનો સંવાદ' વાંચી ખૂબ આનંદ થયો...એમની સાથે અમે પણ સુવર્ણધામમાં પહોંચીને આત્માના અનુભવની વાત સાંભળીએ અને વહાલા ગુરુદેવના દર્શન કરીએ એવી ભાવના થાય છે.

* સંસ્કારી કુટુંબનો એક બાળક (જેને ઈંગ્લીશ આવડતું હતું પણ ગુજરાતી બરાબર આવડતું ન હતું–) ઉત્સાહથી બાલવિભાગનો સભ્ય થવા આવ્યો.....સભ્ય કાર્ડમાં નામ ભર્યું. "....એચ. શાહ" જ્યારે તેનું સભ્ય–પત્રક (આંબાના ઝાડવાળું) આપવા માટે તેમાં લખ્યું કે..... એચ. જૈન"–ત્યારે જાણે કે તેમાં ભૂલ થઈ હોય તેમ તે બોલી ઉઠયો કે 'જૈન નહિ પણ શાહ લખો.' તેને સમજાવ્યું કે 'ભાઈ! આપણે બધાય જૈન છીએ.'–શાહ હોય, મહેતા હોય કે દોશી હોય–પહેલાં આપણે બધા જૈન છીએ. ત્યારે તેને સન્તોષ થયો. અહીં આ પ્રસંગ એટલા માટે રજા કર્યો છે કે આપણા ઉગતા બાળકોને જૈનધર્મના સંસ્કારની કેટલી જરૂરીયાત છે–તે ગંભીરપણે સમાજના ધ્યાનમાં આવે. "જૈન છું, ને જૈન એટલે જિનવરનો સન્તાન"–એ દ્રઢ સંસ્કાર બાળપણથી જ આપવાની જરૂર છે.

* માળીયા (અમરાપુર) થી બીપીન

જૈન લખે છે–"મારા હાથમાં આત્મધર્મ આવતાં ઘણો આનંદ થાય છે. પ્રશ્નોને કારણે આત્મધર્મ ફરીથી વાંચવામાં બહુ મજા આવે છે."

* કલકત્તાથી જ્યોત્સ્નાબેન (નં. ૧૫૨૯) લખે છે–"જન્મદિવસે ગુરુદેવનો ફોટો મળ્યો અને સાથેનું લખાણ વાંચીને અનહદ આનંદ થયો. તે પ્રમાણે હું જરૂર ઉત્સાહથી આગળ વધીને મારા જીવનને ઉજ્જવળ બનાવીશ. મેં સમયસારની ૧૪૪ ગાથા (અર્થસહિત) તથા પ્રશ્નોત્તરમાળાના ૩૮ પ્રશ્નોત્તર મોઢે કર્યા છે. હજી પૂરું કરવા પ્રયત્ન કરું છું." (તમારા ધાર્મિકઉત્સાહ માટે ધન્યવાદ!

* ઈન્દોરથી મીરાબેન (નં. ૭૪૧) લખે છે: "ઉપકાર–અંજલિનું લખાણ મોકલ્યું છે. આત્મધર્મ તથા તેમાં અમારો પ્રિય બાલવિભાગ ઉત્સાહથી વાંચીએ છીએ. આ વખતે 'પુનરાવર્તનરૂપ પરીક્ષા' ના નવા તરીકાથી બહુ મજા આવી, ને તેના જવાબ શોધવા પહેલાનું આત્મધર્મ ફરી વાચ્યું. આ પ્રમાણે દરેક આત્મધર્મમાં આવે તો કેવી મજા!" (બહુ મજા...બેન, તમારી ભાવના પ્રમાણે દરેક અંકમાં પ્રશ્નો આવશે.)

* રતિલાલ એન. જૈન રખિયાલ સ્ટેશનથી લખે છે કે "બાલવિભાગની પ્રેરણા અનુસાર અમારા ગામમાં જૈન પાઠશાળા ચાલુ થઈ છે ને પચાસ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લ્યે છે; બધા ઘણા ઉત્સાહથી ભણીએ છીએ. કેટલાક વિદ્યાર્થીઓ તો એક માઈલ ચાલીને દરરોજ ભણવા આવે છે. પાઠશાળા ભણાવવાનું કાર્ય નેમિચંદભાઈએ સંભાળી લીધું છે." (ધન્યવાદ! સભ્યોની પૂરી વિગત અને સરનામા મોકલાવશોજી.)

* કલકત્તાના આપણા પ્રતિનિધિનું પૂરું સરનામું નીચે મુજબ છે. (સૌએ તેમનો સંપર્ક સાધવો–(ભરતકુમાર એન. જૈન ૧૨B. લોઅર ચિત્તપુર રોડ ટીરેટા બજાર, થર્ડ ફ્લોર (રૂમ નં. ૩૧ સાઉથ.) કલકત્તા : ૧

* દીવાળીના ધાર્મિક તહેવાર પ્રસંગે પંચપરમેષ્ઠીના ચિત્ર સહિત અભિનંદનની ઉત્તમ ભેટ મળવાથી તેમજ જન્મદિવસની ભેટ મળવાથી ગામેગામના સભ્યો બહુજ ખુશી થયા છે...ને સેંકડો બાળકોના ઉત્સાહભર્યા પત્રો આવ્યા છે. ઉત્સાહ બદલ બધા સભ્યોને ફરી ધન્યવાદ!

* રૂપાબેન (B. Sc) અને જયશ્રીબેન જૈન, રાંચીના આપણા આ ઉત્સાહી સભ્યો લખે છે કે "અમે બાલવિભાગની ચારેય આદર્શ વાતોનું પાલન કરીએ છીએ. ઉપકાર–અંજલિ પણ હોંશથી તૈયાર કરીએ છીએ. બધા સભ્યો (ઉપકાર–અંજલિમાં) લખે તો કેટલો સરસ ગ્રંથ રચાઈ જાય!" (આવા સેંકડો સુશિક્ષિત ભાઈ–બહેનો જે ઉત્સાહથી પોતાના જીવનને ધર્મરંગે રંગી રહ્યા છે, તેઓ માત્ર આપણા બાલવિભાગનું જ નહિ પરંતુ

સમસ્ત જૈનસમાજનું ગૌરવ વધારી રહ્યા છે. આ ઘણી આનંદની વાત છે.)

* ભાવનગરના મયંકકુમાર જૈન (નં. ૨૮૯) ધાર્મિક ક્કકામાં ભાવના ભાવતાં લખે છે કે-ઘરે ઘરે આત્મધર્મ વંચાય એવી ભાવના છે. દેહનો સંયોગ હોવા છતાં આત્મા દેહથી જુદો છે; જ્ઞાનસ્વભાવી આત્મા પરનો કર્તા નથી. અમે શરીર નથી પણ અમે જીવ છીએ.

* બાબુભાઈ જૈન (પાવાગઢ-સિદ્ધક્ષેત્ર)-તરફથી નમોક્કારમંત્રના પ્રચાર સંબંધી યોજના મળી છે, તે સંબંધી વિચારીશું.

* અમદાવાદના સભ્ય. નં. ૧૦૦ તરફથી તેમજ બીજા ઘણા સભ્યો તરફથી ઉપકાર- અંજલિના સુંદર લખાણો મળ્યા છે. બીજા બધા સભ્યો પણ **માહ સુદ પુનમ** સુધીમાં જરૂર લખી મોકલો. ભારતના (તેમજ વિદેશના પણ) બધા જ સભ્યો જરૂર ભાગ લ્યે. લખતાં ન આવડે તો ગભરાશો નહિ, અમે તે સુધારી લઈશું. તમારે તો તમારી ભાવનાઓ વ્યક્ત કરવાની છે. (લખાણ સોનગઢ સંપાદકને, અથવા પોતાના ગામના પ્રતિનિધિને આપવું.) વડીલો પણ પોતાનાં બાળકોને આ સંબંધમાં પ્રેરણા અને દોરવણી આપશોજી.

* રાજકોટથી કમલેશ જૈન (નં. ૧૫૨) લખે છે-"જન્મદિવસે અભિનંદનનું કાર્ડ તથા ગુરુદેવનો ફોટો મળ્યો; તેથી મારો આ વખતનો જન્મદિવસ તે મારી જીંદગીનો ધન્ય દિવસ બન્યો."

* અમદાવાદથી પ્રશ્નોના જવાબની સાથે બોટાદવાળા શ્રી હરજીવનભાઈ લખે છે કે આત્મધર્મમાં પુનરાવર્તનરૂપ પરીક્ષાની જે યોજના ચાલુ કરી તે સુંદર અને મજાની છે; આ ઉપરથી આત્મધર્મનું વાંચન કરવામાં કાળજી અને સમજણ વધે છે. આ સુંદર યોજના માટે ધન્યવાદ.

* બાલવિભાગના સભ્ય નં. ૩૧ (ભાવનગર) થી લખે છે કે-"બેસતા વર્ષે પંચપરમેષ્ઠીનું કાર્ડ મળવાથી ખૂબ આનંદ થયો. આત્માને ઓળખીને કેવળજ્ઞાન પ્રગટ કરવું તે સાચું બેસતું વર્ષ છે. બેસતાવર્ષે હું સિનેમા જોવા જવાનો હતો, પણ 'અમે જિનવરનાં સંતાન'-એ વાત યાદ આવતાં અચકાયો, ને એમ થયું કે સિનેમા જોવા કરતાં એટલા પૈસા બાલવિભાગમાં કેમ ન આપું?" (ધન્યવાદ)

[ઘણા બાળકો યુવાનો સરેરાશ અઠવાડિયે એકવાર સિનેમા જોતા હોય, એટલે વર્ષે ૫૦ લગભગ થાય-જેની ઓછામાં ઓછી કિંમત ૫૦ રૂા. થાય! જો બે હજાર બાળકો એ રીતે સિનેમા બંધ કરીને બચત કરે તો કેટલી મોટી બચત થાય! અને સાથેસાથે તેમના વડીલોને પણ સિનેમા જોવાનું બંધ કરવાની પ્રેરણા મળે...અને તેમની જે બચત થાય-તેની ત્રિરાશી ગણવા જેવી છે! સિનેમા

જોવાનું બંધ કરતાં જે પાપ ઓછું થાય –તે તો નફામાં ! ]

* મુંબઈથી ભીખાભાઈ લખે છે કે બાલવિભાગમાં બાળકોને એવો રસ પડે છે કે મહિનો શરૂ થતાં જ આત્મધર્મની રાહ જુએ છે. એમાં પીરસાતું તત્ત્વ ઘણું સરસ અને જ્ઞાનમાં ઉતારવા જેવું હોવાથી તેનાં વખાણ કરીએ તેટલા ઓછા છે.

“આત્મધર્મ મળતાં જાણે ગુરુદેવ જ મળ્યા–તેટલો આનંદ થાય છે. દિવાળીની પ્રસાદી મળી તેથી બહુ મજા આવી, ભેટની ચોપડીઓમાંથી ઘણું જાણવાનું મળ્યું.”

(–ખેડબ્રહ્માઃ સભ્ય નં. ૪૯)

બાલવિભાગના નવા સભ્યોનાં નામ આવતા અંકમાં આપીશું. રખિયાલના સભ્યો (સભ્ય નંબર સહિત) પૂરા નામ સરનામા અને વિગતો લખી મોકલે.

વિવિધ પત્રોદ્વારા બાળકોની ઉત્તમ ભાવના વ્યક્ત કરતા ઉદ્‌ગારો ઉપરથી ખ્યાલમાં આવશે કે આજના જમાનામાં બીજાને માટે દુષ્કર ગણાય એવા ઉત્તમસંસ્કાર ગુરુદેવના પ્રતાપે આપણા બાળકોમાં કેટલી સુગમતાથી રેડાય છે!

卐

## કરીશ.....કે મરીશ ?

આત્મહિતનાં કાર્યમાં આળસુ જીવ સદાય ચિંતવ્યા કરે છે કે–પછી કરીશ... પછી કરીશ... પછી કરીશ...પરંતુ એ વાત ભૂલી જાય છે કે ભવિષ્યમાં મરી જઈશ,–કેમકે મરણ તો ક્ષણેક્ષણે દોડતું દોડતું નજીક ને નજીક આવી રહ્યું છે.

આ સંબંધી શ્લોક આવે છે કે–

करिष्यामि करिष्यामि करिष्यामीति चिन्तया।
मरिष्यामि मरिष्यामि मरिष्यामीति विस्मृतम्।।

માટે હે ભાઈ! ‘કરીશ–કરીશ’ એવો વિલંબભાવ છોડી દે, ને મરણને યાદ કરીને વર્તમાનમાં જ આત્મહિતમાં પરિણામ લગાડ. આત્મહિતની ઉત્કૃષ્ટ લગની હોય ત્યાં ભવિષ્યની રાહ જોવાનો વિલંબ કેમ પાલવે! એ કાર્ય તો અત્યારની ક્ષણે જ કરવાનું હોય.

# તારણહાર કોણ?

વીતરાગ ભગવાનનો ઉપદેશ એમ છે કે–જેમ નૌકા પોતે તરવાના સ્વભાવવાળી છે તેમ જ્ઞાનસ્વભાવી આત્મા પોતે તરવાના સ્વભાવવાળો છે, એટલે પોતે જ પોતાનો તારણહાર છે. ભવસમુદ્રને તરવા માટે તું તારા સ્વભાવનું જ અવલંબન લે.–એ વાત અહીં સમજાવે છે. (સાગરવાળા શેઠશ્રી ભગવાનદાસજીની ખાસ માંગણીથી પૂ. ગુરુદેવે ત્રણ વખત અષ્ટપ્રવચનો તારણસ્વામીના સાહિત્ય ઉપર કર્યા, તેમાંથી પહેલા આઠ પ્રવચનો ‘અષ્ટપ્રવચન’ પુસ્તકરૂપે છપાઈ ગયા છે; ને આ બીજા ‘અષ્ટપ્રવચન’ તૈયાર થાય છે; તેમાંથી થોડોક ભાગ અહીં આપ્યો છે.)

એકેક આત્મદ્રવ્યમાં અનંત ગુણ છે, તેની ખબર વગર સાચું ધ્યાન કે સાધુપણું થાય નહીં. ‘સાધુ’ એટલે શુદ્ધઆત્માના સાધક,–તેમાં ગૌણપણે સમ્યગ્દ્રષ્ટિ પણ આવી જાય છે; તે અનંત ગુણરૂપ પોતાના આત્મદ્રવ્યને સાધીને તેમાં લીન થાય છે. આત્મામાં કાળથી અનંત, સંખ્યાથી અનંત ને સામર્થ્યથી પણ અનંત ગુણો છે. (–ક્ષેત્રે અનંત નથી.)–આવા આત્માને ધર્મી સાધે છે. જીવ જ્યારે નિશ્ચયનય દ્વારા પોતાના આવા આત્માને દેખે છે ત્યારે સમતાભાવ જાગે છે ને રાગદ્વેષ છૂટી જાય છે. આત્મજ્ઞાનની સાથે વીતરાગભાવરૂપ સમભાવ આવ્યો તે જ સાચો સહકાર છે; તેમાં જ નિશ્ચય મહાવ્રત આવી જાય છે. રાગાદિ ભાવો તે હિંસા છે, ને વીતરાગભાવ તે પરમાર્થ અહિંસારૂપ નિશ્ચય મહાવ્રત છે; તે જ સત્ય–સ્વરૂપ છે; તેમાં જ પરભાવોનું ગ્રહણ ન હોવાથી તે અદત્ત છે; બ્રહ્મસ્વરૂપમાં આચરણરૂપ તે જ બ્રહ્મચર્ય છે; ને તેમાં પોતાના સ્વરૂપ સિવાય

બીજા કોઈની પક્કડ (મમત્વ) ન હોવાથી તે જ અપરિગ્રહ છે. આ રીતે વીતરાગભાવમાં પાંચે મહાવ્રત સમાઈ જાય છે, ને તેના અવલંબન વડે જીવ સંસારને તરી જાય છે.

જુઓ, આ ભગવાનનો ઉપદેશ! વીતરાગ ભાવ તે જ ભગવાનના ઉપદેશનો શુદ્ધસાર છે. જે જીવો આવો ઉપદેશ ઝીલીને તરે છે તે બહુમાન અને વિનયથી કહે છે કે અહો! આવો શુદ્ધ ઉપદેશ દેનારા, દેવ–ગુરુ તે તરણ–તારણ છે. પોતાના સ્વતત્ત્વને અનંતગુણસ્વરૂપ જાણીને તેમાં લીન થવું તે મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પોતાના આત્માના આશ્રયથી થાય છે ને તેના વડે જ આત્મા પોતે પોતાને તારે છે. જેમ નૌકાનો પોતાનો તરવાનો સ્વભાવ છે, તેમ નિર્વિકલ્પ ચિદાનંદ પ્રભુ આત્મા પોતે તરવાના સ્વભાવવાળો છે, રત્નત્રય વડે તે પોતાને તારે છે.

આત્માનું સમ્યગ્દર્શન તરવાના સ્વભાવવાળું છે. તે પોતાના આત્માના આશ્રયે પોતાથી જ થાય છે.

આત્માનું સમ્યગ્જ્ઞાન તરવાના સ્વભાવવાળું છે તે પોતાના આશ્રયે પોતાથી જ થાય છે.

આત્માનું સમ્યક્ચારિત્ર તરવાના સ્વભાવવાળું છે, તે પોતાના આત્માના આશ્રયે પોતાથી જ થાય છે.–આવા સ્વાશ્રિત સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે આત્મા પોતે જ પોતાને તારે છે. જેણે આવો માર્ગ જાણ્યો તેણે તરવાનો માર્ગ જાણ્યો, તેણે ભગવાનના ઉપદેશનો શુદ્ધસાર જાણ્યો, તે પોતે પોતાનો તારણહાર થયો.

આ રીતે આત્મા પોતે વિમલસ્વરૂપ છે. તેના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ વિમલ પરિણામ જ મુક્તિનું કારણ છે, બીજું કોઈ મુક્તિનું કારણ નથી. આવો મોક્ષમાર્ગ ભગવાને કહ્યો છે. અને આવું કહેનારા દેવ–ગુરુ–ધર્મ જ પૂજ્ય છે. સર્વ દેવોમાં ઉત્તમ (એટલે કે સાચા) શ્રી અરિહંતદેવ તે જ દેવ છે, ગુરુઓમાં સાચી દૃષ્ટિવંત નિર્ગ્રંથસાધુ તે જ પરમગુરુ છે; ધર્મોમાં સર્વજ્ઞદેવે કહેલો પરમ વીતરાગભાવરૂપ ધર્મ તે જ ધર્મ છે; વિજેતાઓમાં ઉત્તમ જિન પરમ શુદ્ધ એવા અર્હંત અને સિદ્ધ પરમાત્મા છે. મોક્ષાર્થી જીવોને આવા ઉત્તમ દેવ–ગુરુ–ધર્મ એ જ પૂજનીય છે. ભેદજ્ઞાનપૂર્વક જ એની સાચી ઓળખાણ થાય છે; ને ત્યારે જ શુદ્ધ સમ્યક્ત્વ એટલે કે નિશ્ચય સમ્યક્ત્વ થાય છે. નિશ્ચય સમ્યગ્દર્શનને જ શુદ્ધ સમ્યક્ત્વ તરીકે વર્ણવ્યું છે. તે ચોથા ગુણસ્થાનથી હોય છે.

આત્મા રાગદ્વેષરૂપ ભાવકર્મોથી ભિન્ન દ્રવ્યકર્મોથી ભિન્ન અને શરીરાદિ નોકર્મોથી પણ ભિન્ન છે; આત્માને આવા શુદ્ધસ્વરૂપે દેખવો–અનુભવવો તેને ભગવાને શુદ્ધસમ્યક્ત્વ

કહ્યું છે, ને તે મોક્ષનો માર્ગ છે; વચ્ચે રાગ આવે તે બંધનો માર્ગ છે, તે મોક્ષનો માર્ગ નથી. પોતાના શુદ્ધસ્વભાવના ભાન વડે શરીરમદ વગેરેનો ત્યાગ થઈ જાય છે; કેમકે દેહ જ હું નથી પછી મદ કોનો ? આ રીતે શુદ્ધઆત્માને શ્રદ્ધામાં લાવવો તે પરમશુદ્ધ સમ્યક્ત્વ છે; તે જ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અથવા નિશ્ચય સમ્યગ્દર્શન છે. આવા સમ્યગ્દર્શનનો ઉપદેશ તે શુદ્ધ ઉપદેશ છે; તે જ સાર છે, અને તે જ ભવ્યજીવોને માટે 'ઇષ્ટ–ઉપદેશ' છે. આનાથી વિરૂદ્ધ ( પરાશ્રયથી–રાગથી લાભ મનાવનારો ) ઉપદેશ તે ઇષ્ટ નથી, સાર નથી, શુદ્ધ નથી, પણ તે તો અનિષ્ટ અસાર અશુદ્ધ અને જીવનું બૂરું કરનાર છે.

શ્રી પૂજ્યપાદસ્વામીએ 'ઇષ્ટોપદેશ' માં જીવના હિતનો ઉપદેશ આપતાં કહ્યું છે કે–બધા નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે એટલે કે અકિંચિત્કર છે–( 'गतेः धर्मास्तिकायवत्' ] કોઈ બીજાને જ્ઞાની કે અજ્ઞાની કરી શકતું નથી, આત્મા પોતે જ પોતાને જ્ઞાની કે અજ્ઞાની સ્વયં કરે છે; સ્વાશ્રયનો આવો ઇષ્ટ ( હિતકર ) ઉપદેશ સમજે તો જ દેવ–ગુરુની સાચી ઓળખાણ થાય, વીતરાગી દેવ–ગુરુએ શું કહ્યું–તેની ઓળખાણ વગર દેવ–ગુરુની શુદ્ધશ્રદ્ધા કેમ રહે? ને એવી શ્રદ્ધા–ઓળખાણ વગરની એકલી શુભરાગની ક્રિયાઓ વડે જીવને ધર્મનો કાંઈ લાભ થાય નહિ. શુભભાવ હો પણ તે કાંઈ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું કારણ નથી, તે કાંઈ ભગવાનના ઉપદેશનો સાર નથી, તે ઇષ્ટ નથી. 'ઉપદેશનો શુદ્ધસાર' કહો કે 'ઇષ્ટ–ઉપદેશ' કહો તેમાં તો આત્માના શુદ્ધસ્વરૂપનો અનુભવ કરવાનું જ કહ્યું છે; રાગ–દ્વેષનો ક્ષય કરવાનો ભગવાનનો ઉપદેશ છે, પણ તેને રાખવાનો ઉપદેશ નથી. આવો ઉપદેશ તે શુદ્ધઉપદેશ છે. પુણ્યવડે મોક્ષ થવાનું મનાવે તો તે ઉપદેશ ભગવાનના ઘરનો નથી, શુદ્ધ નથી, સાચો નથી, પણ જૂઠો અજ્ઞાનીનો ઉપદેશ છે. રાગને ઉપાદેય સમજે તેને સાચો વૈરાગ્ય હોતો નથી. રાગનો વિષય પર છે, રાગનો વિષય સ્વ નથી; સ્વાશ્રયે રાગની ઉત્પત્તિ થાય નહિ, માટે તે પરપર્યાય છે, તેની રુચિ ધર્મીને નથી. સ્વના અનુભવમાં રાગ રહેતો નથી. આવા અનુભવનો ઉપદેશ સર્વજ્ઞ ભગવાને આપ્યો છે. માટે શ્રદ્ધાળુ મુમુક્ષુઓએ તે સર્વજ્ઞ–અરિહંતપરમાત્માને જ સાચા આપ્તદેવ માનવા યોગ્ય છે.

અનંત ચતુષ્ટયધારક અરિહંતદેવનો મહિમા અપાર છે; તેઓ અનંતાનંત પદાર્થોનો પરમ ગંભીર ઉપદેશ આપે છે....અને નિર્મળ અક્ષયદ્રષ્ટિ પ્રાપ્ત કરાવે છે. ભગવાને કેવળજ્ઞાનવડે જે જાણ્યું તેનો અનંતમો ભાગ જ વાણીમાં આવે છે; છતાં તે વાણીમાં અનંતાનંત પદાર્થોના સ્વરૂપનો ઉપદેશ આવ્યો છે. પણ તેનો સાર શું ? કે શુદ્ધાત્માનો અનુભવ કરવો તે જ ભગવાનના સર્વ ઉપદેશનો સાર છે; ને તેનાથી જ

શુદ્ધદ્રષ્ટિ (સમ્યગ્દર્શન) થાય છે. આવો શુદ્ધઉપદેશ અર્હન્તદેવના શાસન સિવાય બીજામાં હોય નહિ. ભગવાને અનંતાનંત પદાર્થો જાણીને કહ્યાં છે, તેને જે ન માને ને સર્વથા અદ્વૈત એક માને તો તેના મતમાં સાચો ઉપદેશ હોઈ શકે નહિ. પોતપોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયથી ગંભીર અનંતપદાર્થો ભગવાને બતાવ્યા છે. જગતમાં અનંતપદાર્થો, દરેક પદાર્થમાં અનંતગુણો અનંતીપર્યાયો–આવા અર્થગંભીર જિનોપદેશને જે ન સ્વીકારે તેને સાચી શ્રદ્ધા કે સાચું જ્ઞાન થાય નહિ. ભગવાનના ઉપદેશની સાથે અજ્ઞાનીઓના ઉપદેશનો મેળ મળે નહિ. અજ્ઞાનીમાં ક્યાંક ને ક્યાંક વિપરીતતા હોય છે. ભગવાન જિનેન્દ્રદેવ અને તેમની પરંપરામાં થયેલા કુંદકુંદાચાર્ય, સમંતભદ્રાચાર્ય વગેરે જૈનસન્તો સિવાય બીજાના માર્ગમાં શુદ્ધવસ્તુનો ઉપદેશ નથી. જેના મતમાં અનંતા દ્રવ્ય–ગુણ–પર્યાયોનો સ્વીકાર નથી તેનો ઉપદેશ મિથ્યા છે. અહા, અનંતા દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણનારા સર્વજ્ઞભગવાનનો ઉપદેશ પામીને ઘણા જીવો ક્ષાયિક સમ્યક્ત્વ પામે છે. જિનેન્દ્રભગવાનનો ઉપદેશ નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવે છે. ભગવાને જેવો કહ્યો તેવા શુદ્ધસ્વભાવને દ્રષ્ટિમાં લેતાં જરૂર સમ્યગ્દર્શન થશે, ને પછી ક્ષાયિક દ્રષ્ટિ થઈને કેવળજ્ઞાન થશે. આવો શુદ્ધઉપદેશ મહાન ભાગ્યે જીવને સાંભળવા મળે છે.

સાચા દેવ કેવો ઉપદેશ આપે? તો કહે છે કે તેઓ જ્ઞાનસ્વભાવનો જ ઉપદેશ આપે છે. જો કે ભગવાનના ગંભીર ઉપદેશમાં અનંતાનંત પદાર્થોનું સ્વરૂપ બતાવ્યું છે, પણ તેમાં ઉપાદેયભૂત તો જ્ઞાનસ્વભાવ જ કહ્યો છે. સમ્યગ્દર્શન થતાં જ્ઞાન નિજસ્વભાવમાં આવ્યું; તે જ્ઞાન જ્ઞાનસ્વભાવના આશ્રયે સ્વયમેવ વૃદ્ધિગત થતું થતું કેવળજ્ઞાન થાય છે. માછલીનાં ઈંડાનું દ્રષ્ટાંત આપીને કહે છે કે જેમ રેતીમાં દાટેલું માછલીનું ઈંડું સ્વયંવધે છે, તેમ સ્વભાવ તરફ ઝુકેલું જ્ઞાન સ્વયં વધતું વધતું કેવળજ્ઞાન થાય છે. આવું જ્ઞાન આનંદકારી છે, મુક્તિનું સહકારી છે; ને તેનો ઉપદેશ ભગવાને દીધો છે. સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાનના વેદન વડે જ્ઞાન સ્વયં વધતું જાય છે. પરમ આનંદથી ભરેલો સર્વજ્ઞસ્વભાવ અંદર છે તેનો ઉપદેશ ભગવાન દે છે. તે સ્વભાવના લક્ષે એકાગ્ર થતાં થતાં કેવળજ્ઞાન થાય છે. જ્ઞાનની વૃદ્ધિ ઇન્દ્રિયોથી કે રાગથી થતી નથી પણ સ્વભાવના સમ્યગ્જ્ઞાન વડે જ જ્ઞાનની શુદ્ધિ ને વૃદ્ધિ થાય છે; જ્ઞાનસ્વભાવના આશ્રયે જ્ઞાન સ્વયમેવ વધે છે ને કેવળજ્ઞાન થાય છે. આનું નામ મોક્ષનો માર્ગ ને આ વીતરાગ ભગવાનનો ઉપદેશ!

(વિશેષ હવે પછી)

# સાચી પ્રાર્થના

પ્રાણીને જ્યાં સુધી એવી પ્રતીત ન થાય કે ‘જેની હું પ્રાર્થના કરું છું તેમના જેવા થવાની મારામાં પણ તાકાત છે,’–ત્યાં સુધી પોતાના ઇષ્ટની સાચી પ્રાર્થના તે કરી શકતો નથી.

પ્રાર્થનાનો હેતુ એ છે કે–પોતે તેના જેવો થવા માંગે છે કે જેની પોતે પ્રાર્થના કરે છે. (वन्दे तद्गुणलब्धये)

ભગવાનની પ્રાર્થના કાંઈ એટલા માટે આપણે નથી કરતા કે તેઓ તો ભગવાન રહે ને આપણે સદા તેમના સેવક જ રહીએ; પરંતુ જેવા તે ભગવાન છે તેવા જ આપણે થઈએ–તે ધ્યેયપૂર્વક પ્રાર્થના કરવામાં આવે છે.

એટલે પ્રાર્થના કરવા યોગ્ય એવા દેવના સ્વરૂપમાં જેની ભૂલ તેનું ધ્યેય પણ ભૂલવાળું.

જેવા દેવને પ્રાર્થના કરવા યોગ્ય માન્યા, તેમના જેવો પોતે થવા માંગે છે.

વીતરાગને દેવ તરીકે ઓળખીને તેની પ્રાર્થના કરનાર પોતે વીતરાગ થવા માંગે છે.

રાગી પ્રાણીને દેવ તરીકે ભજનાર પોતે રાગી રહેવા માંગે છે.

હિંસક જીવોને પૂજનાર પોતે પણ હિંસક જ થવા માંગે છે.

આ રીતે પ્રાર્થના કરનારે પોતાના ઇષ્ટ દેવનું સ્વરૂપ નક્કી કરવાની મહાન જવાબદારી છે. તેમાં જો ભૂલ થાય તો બધી પ્રાર્થના ખોટી પડે.

જેના ઇષ્ટ દેવ સાચા (વીતરાગી) તેની જ પ્રાર્થના સાચી.

એવા ઇષ્ટ દેવ તો અરિહંત અને સિદ્ધ ભગવાન જ છે.

તેમને ઓળખીને પ્રાર્થના કરો.

# પુનરાવર્તન

અહીં દશ પ્રશ્નો રજુ કર્યા છે; આ દશે પ્રશ્નોના ઉત્તર આત્મધર્મના ગતાંકમાં (અંક ૩૦૧ માં) સમાયેલા છે; તે શોધવા માટે આપ તે અંકનું પુનરાવર્તન કરો.

(૧) ઘણું મોટું કાર્ય–તે શું? અને તેનું મહાન સાધન ક્યું?

(૨) નંદીશ્વરની પૂજા કરવા જતાં જતાં વચ્ચે વિમાન અટક્યું ને વૈરાગ્ય પામ્યા–તે કોણ? ને ક્યાં?

(૩) ગતાંકમાં પૂછેલા એક પ્રશ્નનો ઉત્તર છે–‘ચરમશરીરી જીવો.’ તે પ્રશ્ન શું હતો?

(૪) શ્રીમદ્ રાજચંદ્રજીનો આત્મા અત્યારે ક્યાં છે? સ્વર્ગમાં, મોક્ષમાં કે વિદેહમાં?

(૫) આત્માનું સાચું ધન કોણે પ્રાપ્ત કર્યું?–સાચો આત્મા કોણ?

(૬) સિદ્ધનો સાધર્મી કોણ?

(૭) ‘આત્મા અનાદિ અનંત મંગળરૂપ છે’–એ અલૌકિક વાત ક્યા મહાનશાસ્ત્રમાં આવે છે?

(૮) ટૂંકી ટચ વાત...જાણો હે ભ્રાત;..............(દોહરો પૂરો કરો)

(૯) એક ઉત્તમ ઝાડ ગુરુદેવે બતાવ્યું તે ઝાડનું બીજ શું છે?

(૧૦) “–એ રસ્તે ચાલનાર સમ્યક્ત્વપુરીમાં જરૂર પહોંચશે જ...ગુરુદેવના એ આશીર્વાદ છે. (–એ ક્યો રસ્તો?)

## પાંચ પ્રશ્નો * (જેના ઉત્તર આપ આવતા અંકમાં વાંચશો.)

(૧) જગતમાં આરાધક જીવો ઝાઝા, કે આરાધ્ય જીવો ઝાઝા?

(૨) પંચ પરમેષ્ઠીમાં સૌથી ઝાઝી સંખ્યા કોની?

(૩) જગતમાં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવો કેટલા?

(૪) સમયસારમાં અધિકાર કેટલા?–તેનાં નામ?

(૫) ‘ક’ ઉપર નામવાળા તીર્થંકર કેટલા? (૨૪ માંથી)

# -: વિવિધ સમાચાર:-

* પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજમાન છે. સવારે સમયસાર ઉપર તથા બપોરે પ્રવચનસાર ઉપર અદ્ભુત પ્રવચનો ચાલે છે...ચૈતન્ય–શાંતિના ગંભીર સમુદ્રની મધુરી લહેરોથી ભીંજાતું મુમુક્ષુચિત્ત સવાર–બપોર અઢી–અઢીઘડી સુધી તો ગુરુદેવના અંતર સાથે તન્મયતા અનુભવે છે.

* કારતક માસની અષ્ટાહ્નિકા દરમિયાન તેરહદ્વીપ મંડલવિધાનમાંથી પ્રથમ સુદર્શન મેરુ સંબંધી જિનાલયોનું પૂજન થયું હતું.

* આ માગશર સુદ છઠ્ઠના રોજ ભાવનગરમાં નુતન દિ. જિનમંદિરના શિલાન્યાસનું મંગલમુહૂર્ત છે.–પૂ. ગુરુદેવ પણ તે દિવસે ભાવનગર પધારવાના છે. (આપ આ વાંચતા હશો ત્યારે તો તે શિલાન્યાસ થઈ ગયું હશે.) માગશર સુદ ૧૨ ના રોજ ઘાટકોપરમાં પણ નુતન દિ. જિનમંદિરના શિલાન્યાસનું મંગલમુહૂર્ત છે. ગત માસમાં મલાડ મુકામે જે શિલાન્યાસ થયું તે ભાઈશ્રી બલુભાઈ ચુનીલાલના સુહસ્તે થયું હતું. ને તેમણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

* પૂ. ગુરુદેવના આ સાલમાં મંગલ પ્રવાસ બાબતનો જે કાર્યક્રમ તૈયાર થઈ રહ્યો છે તેની સામાન્ય રૂપરેખા આ પ્રમાણે છેઃ સોનગઢમાં ફાગણ સુદ બીજે જિનમંદિરનો મંગલદિવસ ઉજવાશે; ત્યારબાદ પ્રસ્થાન કરી, સાવરકુંડલા અમદાવાદ વગેરે ગામો થઈ **ફાગણ સુદ ૧૧** રણાસણગામે (ગુજરાત) પહોંચશે; ત્યાં પંચકલ્યાણક–પ્રતિષ્ઠા મહોત્સવ થશે. (અમદાવાદનો પ્રતિષ્ઠા મહોત્સવ હમણાં મુલતવી રહેલ છે.) રણાસણ પછી ગુજરાતના કેટલાક ગામો થઈને ફાગણ વદ ૧૪ **રાજકોટ** પધારશે ને ત્યાં તેર દિવસ બિરાજશે.

રાજકોટ પછી વચ્ચેના ગામો થઈ ચૈત્ર વદ ૨–૩–૪ પાલેજ અને ૫–૬ સુરત, તથા બીલોમોરા, થાણા, ઘાટકોપર થઈને **ચૈત્ર વદ ૧૨ ને રવિવારે મુંબઈ નગરીમાં** સ્વાગત થશે. ત્યાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ તેમ જ ૮૦મી જન્મજયંતિ ઉજવાશે. (વિગતવાર સંપૂર્ણ કાર્યક્રમ હવે પછીના અંકમાં આપીશું.

* કારતક સુદ પૂનમે શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૦૧ મી જન્મજયંતિ નિમિત્તે વીંછીયામાં બાલિકાઓએ “મહારાણી ચેલણા” નું ભાવભીનું ધાર્મિક નાટક કર્યું હતું, જેથી સૌ પ્રસન્ન થયા હતા ને ઈનામો પણ વહેંચાયા હતા. વીંછીયામાં ભાઈશ્રી નગીનભાઈએ

પાઠશાળા વગેરે શરૂ કરેલ હોવાથી અહીંના બાળકોમાં સારી જાગૃતિ આવેલ છે...ને ધાર્મિક કાર્યક્રમોમાં સૌ ઉલ્લાસથી ભાગ લ્યે છે. નગીનભાઈનો ઉત્સાહ પ્રશંસનીય છે, ને સૌ વડીલો પણ સાથ આપી રહ્યા છે.

આ રીતે ગામેગામ યુવાનો જાગે, પાઠશાળા ચાલુ કરે ને વડીલો તેમને સાથ આપે તે જૈનશાસનની પ્રભાવના માટે અત્યંત જરૂરી છે. અને આજે ગામેગામ થોડીઘણી જાગૃતી આવવા માંડી છે. નાના બાળકોની પ્રવૃત્તિઓ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ ન કરતાં તેમને પ્રોત્સાહન મળે તેમ કરવું અત્યંત જરૂરી છે. આત્મધર્મમાં જ્યારે બાલવિભાગ શરૂ થયો ત્યારે એક બે સજ્જનો કહેતા કે નાના બાળકો વળી ધર્મની વાતમાં શું સમજે !–તેનો જવાબ એ વખતે કોઈએ આપ્યો ન હતો, પરંતુ આજે બે હજાર ઉપરાંત બાળકો પોતાના ધાર્મિક ઉત્સાહ વડે તેનો જવાબ આપી રહ્યા છે. બાળકોમાં કેટલો ધાર્મિક ઉત્સાહ છે તેનો થોડોક ખ્યાલ આ ઉપરથી પણ આવી શકશે કે બે વર્ષમાં જ બાળકોએ સાત આઠ હજાર રૂા. જેટલી રકમ બાલવિભાગના વિકાસમાં વાપરવા માટે સોનગઢ–સંસ્થામાં આપી છે.

*** વૈરાગ્ય સમાચાર:** સુરેન્દ્રનગરના શેઠશ્રી જગજીવન ચતુરભાઈના પુત્ર ભાઈશ્રી જયંતિલાલ જગજીવન તા. ૨૦–૧૧–૬૮ ના રોજ સ્વર્ગવાસ પામી ગયા. તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા; છેલ્લા કેટલાક વખતથી બિમાર રહેતા છતાં સ્વાધ્યાય વગેરે કરતા હતા. તેમની બે બ્ર. બહેનો ( શારદાબેન અને સુશીલાબેન ) જેઓ સોનગઢ–આશ્રમમાં રહે છે તેઓ પણ આગલે જ દિવસે સુરેન્દ્રનગર પહોંચી ગયા હતા. દેવ–ગુરુ–ધર્મના શરણે તેઓ આત્મહિત પામો.

“ઉપકાર–અંજલિ” ના લખાણ બાબત બાલ સભ્યોને ખાસ જણાવવાનું કે બાલવિભાગ તરફથી ગુરુદેવ પ્રત્યે અંજલિ અર્પણ કરવાનો આપણે આ પહેલો જ પ્રસંગ છે, તો તમે સૌ અત્યંત ઉત્સાહથી જરૂર ભાગ લેજો. તમને આવડે તેવું લખાણ, કવિતા, ચિત્ર, ટૂચકા, કોયડા, વગેરે હોંશેહોંશે લખી મોકલો. તમારું લખાણ હજી બે માસ સુધી ( માહ સુદ પુનમ સુધી ) સ્વીકારીશું. ઘણાય સભ્યોનું સુંદર લખાણ આવી ગયું છે, બાકીનાં સભ્યો પણ તરત મોકલી આપોઃ–

**જાગો જાગો આજ...હે બાળકો તમામ;**
**આપણે સૌ હોંશે કરીએ, અંજલિનું કામ.**
**વીરપ્રભુમાર્ગ આજે બતાવે ગુરુ કહાન,**
**એને સમજી સહુ બનો વીરનાં સન્તાન.**

## વીતરાગી વાત

**'પુણ્ય પણ દુઃખનું સાધન છે'**

–આવી વાત વીતરાગ સિવાય બીજું કોણ કહી શકે? અને વીતરાગમાર્ગને અનુસરનાર સિવાય કોણ એને ઝીલી શકે?

પ્રવચનસાર ગા. ૭૬ માં આચાર્યદેવે એ વાત સમજાવીને, પુણ્ય–પાપથી પાર એવું અતીન્દ્રિય સુખ બતાવ્યું છે. ભાઈ! પુણ્યના ફળ બાહ્યવિષયો છે, તે પુણ્યફળ તરફ લક્ષ જતાં તો તને આકુળતા અને દુઃખ જ થાય છે. તોપછી એવા પુણ્યને સુખનું સાધન કોણ કહે? એ તો દુઃખનું સાધન છે.

ડર નહિ,–એ પુણ્યથી પાર એવું પરમ અતીન્દ્રિય ચૈતન્યસુખ તારામાં ભર્યું છે તેને શુદ્ધોપયોગવડે અનુભવમાં લે. પુણ્ય વગરનું કોઈ પરમ અચિંત્યસુખ તને તારામાં અનુભવાશે.

## ઓળખી કાઢો

નીચે બબ્બે વ્યક્તિનાં નામ આપ્યાં છે, તેઓ એકબીજાનાં શું સગા થાય તે તમારે ઓળખી કાઢવાનું છેઃ–

(૧) અભયકુમાર અને વારિષેણ મુનિ
(૨) ઋષભદેવભગવાન અને મરિચીકુમાર (મહાવીરનો જીવ)
(૩) ચેલણારાણી અને ચંદનાસતી
(૪) ત્રિશલામાતા અને ચંદનબાળા
(૫) શ્રીકૃષ્ણ અને પ્રદ્યુમ્નકુમાર
(૬) નેમનાથ અને સત્યભામા
(૭) બાહુબલી અને બ્રાહ્મી–સુંદરી
(૮) ગૌતમગણધર અને ઇન્દ્રભૂતિ ગણધર
(૯) ગૌતમગણધર અને અગ્નિભૂતિ ગણધર
(૧૦) શાંતિનાથભગવાન અને ચક્રાયુધગણધર

**આ મરણ ચાલ્યું આવે નજીક!**
**ભલે આવે, હું તો અમરપણારૂપી તલવાર લઈને બેઠો છું, પછી મરણની બીક શી? હું તો અમર છું-પછી મરણ કોને મારશે? મરણ મને નહિ મારે, પણ હું મરણને એવું મારીશ કે ફરી મારી પાસે આવે નહિ. અમરને મરણની બીક શી?**

# ચાલો શીખીએ.....જૈન બાળપોથી * વીરતણાં સન્તાન



અમે તો વીરતણાં સન્તાન અમારે ભણવા જૈનસિદ્ધાંત; ભણવું–ગણવું અમને વહાલું, ગુરુજી પર છે વહાલ...અમે તો૦

ભણતાં ભણતાં મોટા થઈશું, કરશું આત્માનું ભાન; ઉપકાર એ ગુરુજી તણો છે, વંદીએ વારંવાર અમે તો૦

બંધુઓ, અહીં આપેલા ત્રીસ પ્રશ્નોની સમજણ તમને 'જૈન બાળપોથી' માંથી મળી જશે.

(૧) હું કોણ છું?
(૨) મારામાં શું છે?
(૩) આપણે કોનાં સન્તાન?
(૪) તમને શું ભણવું ગમે?
(૫) મોટા થઈને શું કરશો?
(૬) તમે જીવ કે શરીર?
(૭) જ્ઞાન જીવમાં હોય કે શરીરમાં?
(૮) જીવ અને શરીરમાં શું ફેર?
(૯) જીવ અને શરીર એક કે જુદાં?
(૧૦) તમે શેનાથી જાણો છો?
(૧૧) આ આંખ વગર જાણી શકાય?
(૧૨) શરીર કોને જાણે છે?
(૧૩) તમે ક્યું દ્રવ્ય છો?–જીવ કે અજીવ?
(૧૪) તમારામાં ક્યો ગુણ છે?
(૧૫) જાણવું તે કોની પર્યાય છે?
(૧૬) જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય, તેમનામાં શું ફેર?
(૧૭) શરીર કોણ છે?
(૧૮) તમે કોણ છો?
(૧૯) જીવ શરીરનાં કામ કરે?
(૨૦) જીવ શરીરને જાણે?
(૨૧) શરીરમાં જ્ઞાન હોય?
(૨૨) સુખી થવા માટે તમે શું કરશો?
(૨૩) ધર્મ કરવાથી શું થાય?
(૨૪) આત્માને ઓળખ્યા વગર સુખ થાય કે નહીં?
(૨૫) પૈસાથી સુખ મળે કે નહીં?
(૨૬) ધર્મ ન કરે તો જીવને શું થાય?
(૨૭) ધર્મ જીવમાં થાય કે શરીરમાં?
(૨૮) ધર્મ તે દ્રવ્ય છે કે પર્યાય?
(૨૯) ધર્મ તે કોની પર્યાય છે?
(૩૦) તમે કેવી રીતે ધર્મ કરશો?

(આ બધા પ્રશ્નોના જવાબ પાઠ ૧ થી ૭ માં મળશે.)

# જૈન બાળપોથી મંગાવો....શીખો....ને પરીક્ષા આપો

વહાલા વીરનાં સન્તાનો!

વીર થવા માટે આપણે વીરના માર્ગને જાણવો જોઈએ, અને તે માટે જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ. તે માટે સમયસાર વગેરે મહાન શાસ્ત્રો ઘણાંય છે. નાના બાળકોને, એટલે કે વીરપ્રભુનાં સંતાનોને શરૂઆતમાં અભ્યાસ માટેનું એક નાનકડું ધર્મપુસ્તક જૈનબાળપોથી છે, તેમાં નાના પાઠોવડે જીવ–અજીવનું, દેવ–ગુરુ–ધર્મનું તથા સમ્યગ્દર્શન વગેરેનું સ્વરૂપ સમજાવ્યું છે. આ જૈનબાળપોથીની ૭૫૦૦૦ જેટલી નકલ આજે તો જૈનસમાજમાં ઘરેઘરે વંચાય છે. પણ તેના વ્યવસ્થિત અભ્યાસ માટે અને પછી તેની પરીક્ષા માટે એક નાની યોજના અહીં રજુ થાય છે–

* પ્રથમ તો આપના ઘરમાં જૈનબાળપોથી ન હોય તો તા. ૩૧ જાન્યુઆરી સુધીમાં (આત્મધર્મ બાલવિભાગ, સોનગઢ સૌરાષ્ટ્ર) એ સરનામે લખવાથી આપને તે ઘેરબેઠા ભેટ મળશે. એકથી વધુ પ્રત જોઈએ તો દરેક પ્રતદીઠ પચીસ પૈસા કિંમત છે.

* આ જૈનબાળપોથીમાં ૨૮ પાઠ છે; તમે દરરોજ એક પાઠ પાકો કરો અને વડીલો પાસેથી બરાબર સમજો, તો એક મહિનામાં આવડી જશે. તે ઉપરાંત આત્મધર્મમાં તેને લગતું લખાણ–પ્રશ્નોતર વગેરે આવે તે પણ બરાબર સમજીને યાદ રાખો. નાના–મોટા સૌ આમાં રસ લઈ શકે છે.

* જૈનબાળપોથી આપ સૌ બે–ત્રણ માસમાં તો બરાબર ભણી જશો. ત્યારપછી ચૈત્ર કે વૈશાખ માસમાં સોનગઢથી એક પ્રશ્નપત્ર (પરીક્ષાનું પેપર) મોકલીશું, તેના જવાબો લખીને મોકલજો...ને વધુ માર્ક મેળવીને ઈનામ મેળવજો.

ઠીક ત્યારે, ઘરમાંથી બાળપોથી શોધી કાઢો...ને 'અમે તો વીરતણાં સન્તાન' થી શરૂ કરો. તમને જરૂર આનંદ થશે.

जयजिनेन्द्र.

# -: વૈરાગ્ય સમાચારઃ-




લાડનૂવાળા શેઠ શ્રી વછરાજજી ગંગવાલ કલકત્તામાં તા. ૩-૧૧-૬૮ (કારતક સુદ ૧૪) ના રોજ સ્વર્ગવાસ પામી ગયા. છેલ્લા દોઢેક વર્ષથી તેઓ બિમાર હતા ને ગુરુદેવના દર્શનની તેમને ખૂબ તમન્ના હતી. સત્તર વર્ષ પહેલાં (સં. ૨૦૧૭ના ફાગણમાં) તેઓ સોનગઢ આવ્યા ને ગુરુદેવના પ્રવચનથી તેમ જ અધ્યાત્મ-વાતાવરણથી ખૂબ પ્રભાવિત થયા, એટલું જ નહિ પણ લગભગ સવાલાખ રૂા. ના ખર્ચે સોનગઢમાં બહેનો માટે શ્રી ગોગીદેવી-શ્રાવિકાબ્રહ્મચર્યાશ્રય પણ તેમણે ઘણા ભાવથી બંધાવી આપ્યો; ત્યારપછી અવારનવાર સોનગઢ આવીને તેઓ લાભ લેતા. માનસ્તંભપ્રતિષ્ઠા પ્રસંગે તેઓ સૌધર્મેન્દ્ર થયા હતા. સમ્મેદશિખર વગેરેની યાત્રા વખતે તેઓ સાથે જ હતા. સં. ૨૦૨૩ની યાત્રામાં પણ, નરમ તબીયત છતાં લાડનૂથી કલકત્તા સુધી તેઓ ગુરુદેવની સાથે જ રહ્યા હતા. તેમના ખાસ આગ્રહથી ગુરુદેવ સંઘસહિત બે વાર (સં. ૨૦૧૩ તથા ૨૦૨૩ માં) લાડનૂશહેર પધાર્યા હતા ને તે વખતે શેઠજીએ ઘણા ઉલ્લાસથી આગતાસ્વાગતા કરી હતી. પોતાની નરમ તબીયત છતાં ગુરુદેવની સાથે યાત્રાપ્રવાસ વગેરેમાં રહેવાનું તેમને ખૂબ ગમતું; તેમજ પૂ. બેનશ્રી-બેન પ્રત્યે પણ તેમને ઘણો આદર હતો; તેઓ છેવટ સુધી સોનગઢનું ને ગુરુદેવના દર્શનનું રટણ કરતા હતા. પંચપરમેષ્ઠી ભગવંતોનો આશ્રય પામીને તેમનો આત્મા પોતાનું આત્મહિત સાધે- એમ ઈચ્છીએ.

* બોટાદના ભાઈશ્રી વૃજલાલ મગનલાલ કારતક સુદ આઠમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. અવારનવાર સોનગઢ આવીને તેઓ ગુરુદેવનો લાભ લેતા હતા. દેવ-ગુરુના શરણે તેમનો આત્મા આત્મહિત પામો.

સોનગઢમાં માનસ્તંભ-પ્રતિષ્ઠા વખતે સૌધર્મેન્દ્ર તરીકે શ્રી વછરાજજી શેઠ ઐરાવત હાથી ઉપર બેઠા છે; તેમની ગોદમાં બાલતીર્થંકર શ્રીનેમકુમારનાં દર્શન થાય છે.



દેખો, આ છે હાથીનું
નાનકડું બચ્ચું !
એ કાંઈ સરકસના
ખેલ નથી કરતું હો,
એ તો, ભાવપૂર્વક
નમસ્કાર કરી રહ્યું છે.
કોને, ક્યાં અને ક્યારે ?
( તે આવતા અંકમાં
જાણશોજી )



## જરૂર છે – પ્રોત્સાહન આપવાની : સંપાદકીય:

હમણાં ઘણા પત્રકારો ને કાર્યકરો વારંવાર એમ કહે છે કે સમાજના બાળકોમાં ધર્મસંસ્કારોનું સીંચન થતું નથી...પણ એ તો માત્ર રૂઢીગત પ્રલાપ જ છે. આજે જ્યારે હજારો બાળકો જાગ્યા છે ને ઘરે ઘરે ધાર્મિક સંસ્કારની સુગંધ રેલાવી રહ્યા છે, ત્યારે કોણ કહી શકશે કે બાળકોમાં ધર્મસંસ્કાર નથી? દેશભરમાં હજારો બાળકો આજે જીવ–અજીવના તત્ત્વજ્ઞાનની ચર્ચા કરે છે, ભગવાનના દર્શન કરે છે, બીજા અનેક પ્રકારે ઉચ્ચ સંસ્કારોથી ધર્મમાં રસ લ્યે છે. એ જ રીતે આજના હજારો કોલેજિયન યુવાનો પણ જૈનધર્મના ઉત્તમ સંસ્કારો વડે પોતાના જીવનને ઉજ્જવળ બનાવવા પ્રયત્નશીલ છે; એટલે સુધી કે ઘણાએ તો સીનેમા જોવાનું ને રાત્રે ખાવાનું પણ છોડી દીધું છે. દીવાળીના તહેવારમાં એક યુવાને મિત્રો સાથે ફિલ્મ જોવાના કાર્યક્રમનું વિચારેલું,–પણ તરત ધાર્મિકસંસ્કારથી તેને એમ વિચાર આવ્યો કે 'આપણે જિનવરનાં સન્તાન છીએ'–આવી ફિલ્મ આપણે જોવી ન જોઈએ. અને તેણે એ કાર્યક્રમ પડતો મૂક્યો ને તેને બદલે ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લીધો. આ પ્રસંગ ભલે નાનો લાગે, પણ તેની પાછળ બાળકોમાં–યુવાનોમાં જે ધર્મસંસ્કારનું બળ છે તે નાનું નથી.....ભવિષ્યમાં એ સંસ્કારબીજમાંથી જ જૈનશાસનનો મોટો વડલો ઊગશે.

માટે, 'આજના બાળકોમાં–યુવાનોમાં ધર્મસંસ્કાર નથી' એમ કહીને તેમને ઉતારી નાંખવાની જરૂર નથી; આજે તો બાળકો–યુવાનો, બહેનો ને માતાઓ બધાય જાગૃત બનીને ધર્મસંસ્કારનું મહત્ત્વ સમજ્યા છે ને તેના વડે પોતાના જીવનને ઉજ્જવળ બનાવવા સૌ તત્પર બન્યા છે.–જરૂર છે માત્ર તેમને પ્રોત્સાહન આપવાની.

વડીલો, પત્રકારો ને કાર્યકરો ઉદારદિલે વધુ ને વધુ પ્રોત્સાહન આપશે ત્યારે તેમને પણ દેખાશે કે આજના બાળકોમાં ને શિક્ષિત યુવાનોમાં પણ ધર્મ પ્રત્યેનો કેટલો થનગણાટ ભર્યો છે! અને મોટા–નાના સૌ એકી અવાજે ગગનને ગજાવીશું કે–

**અમે તો વીરતણાં સન્તાન......છૈ તૈયાર.....છૈ તૈયાર!**
**વીર પ્રભુના પંથે જાવા.......છૈ તૈયાર.....છૈ તૈયાર!**
**જૈનશાસનને ઉજ્જવળ કરવા છૈ તૈયાર છૈ તૈયાર!**

---

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( પ્રતઃ ૨૫૦૦ )